Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૫૩ મું :: અંક ૩ જો

સંવત ૧૯૯૩ :: જેઠ :: વીર સંવત ૨૪૬૩

હંસવાહિની



સરસ્વતી દેવી

પ્રકટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

વાર્ષિક લવાજમ ૧-૮-૦ ભેટની બુક સહિત પોસ્ટેજ ચાર આના.

પુસ્તક ૫૩ મું. | જેઠ | વીર સં. ૨૪૬
અંક ૩ જો. | | વિક્રમ સં. ૧૯૯

## अनुक्रमणिका


૧ શ્રી સિદ્ધગિરિ સ્તવન ... ... ... ( મુનિશ્રી ચતુરવિજયજી ) ૬૯
૨ સત્ય વિના મોક્ષ નહીં. પદ્ય... ... ... ( રાજમલ ભંડારી ) ૭૦
૩ પ્રમાદ પિશાચનો બહિષ્કાર. પદ્ય ... ( ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) ૭
૪ ભગવાન મહાવીરનું તપ ... ... ... ( સ. ક. વિ. ) ૭
૫ આત્મતત્ત્વ ... ... ... ... ( મુમુક્ષુ મુનિ ) ૭
૬ મૂળસૂત્રની સંખ્યા ને ક્રમ ... ( પ્રો. હીરાલાલ રસિકદાસ ) ૮
૭ પ્રશ્નોત્તર રત્નમાળા સંક્ષેપ ... ... ( સં. કુંવરજી ) ૮
૮ વ્યવહાર કૌશલ્ય. નાના લેખ ૩ [ ૬૩-૬૪-૬૫ ] ( મૌક્તિક ) ૮
૯ યુધિષ્ઠિર મહારાજાએ યક્ષને આપેલા ઉત્તરો ( સં. કુંવરજી ) ૯
૧૦ પ્રશ્નોત્તર ... ( પ્રશ્નકાર શા. પુંજીરામ અમથારામ-આજોલ ) ૯
૧૧ પ્રકૃષ્ટ ગુણવાનના ગુણો રાજા પ્રજા ઉપર પણ અસર કરે છે. ( સં. કુંવરજી ) ૯
૧૨ પ્રભાવિક પુરુષો-અંતિમ રાજર્ષિ ઉદયન ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૯
૧૩ કડવાશ વિરુદ્ધ મીઠાશ ... ... ( રાજપાળ મગનલાલ વહોરા ) ૧૦
૧૪ સોનેરી સૂત્રો ... ... ... ( મુનિશ્રી કલ્યાણવિમળજી ) ૧૦
૧૫ વિચારોની આરોગ્ય પર થતી અસર ( માસ્તર રામચંદ ડી. શાહ ) ૧૦
૧૬ બ્રહ્મચર્ય ... ... ... ... ... ,, ૧૦


## સભાસદોને સૂચના

બહારગામના લાઇફમેમ્બરોમાંથી કેટલાએક બંધુઓ પોસ્ટેજ મોકલી ભેટની બુકો મંગાવવાનું વારંવાર લખ્યા છતાં એકંદર ૧૧ બુકો પોસ્ટેજના ૧ આના મોકલીને મંગાવતા નથી. તેમને વેલ્યુ કરીને મોકલતાં પાંચ આ વધારે ખર્ચ લાગશે તેથી હવે પ્રમાદ તજી મંગાવવા નહીં લેશો.

## નવા ચૈત્રી જૈન પંચાંગ

કાયમ પ્રમાણે જોધપુરી શ્રીધર શિવલાલના ચંડુ પંચાંગ અનુસાર તૈ કરવામાં આવ્યા છે. ખરીદનાર માટે કિંમત અરધો આનો. સો નકલના રૂા. ૨

અમારા છપાવેલા કાર્તિકી જૈન પંચાંગ પોસ્ટેજ મોકલનારને મફત મોકલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

| પુસ્તક ૫૩ મું<br>વિ. સં. ૧૯૯૩ | જેઠ | અંક ૩ જો<br>વીર સં. ૨૪૬૩ |
|---|---|---|

## શ્રીસિદ્ધગિરિ સ્તવન

( જિનરાજકું સદા મેરી વંદના—એ દેશી )

ગિરિરાજને સદા મેરી વંદના, વંદના પાપ નિકંદના રે.
ગિરિ૦ એ આંકણી.

મૂળનાયક શુભ ચોમુખ સોહે, નંદન નાભિ નરીંદના રે;
પુંડરીક ગણધર પ્રણમીજે, નાયક જે મુનિવૃંદના રે. ગિરિ૦ ૧

રાયણ વૃક્ષની હેઠલ સુંદર, પગલાં ઋષભ જિણંદના રે;
પ્રેમ ધરીને પૂજન કીજે, ઘોળી મૃગમદ ચંદના રે. ગિરિ૦ ૨

અન્ય ઘણેરા દેહરાં દીપે, છીપે તેજ દિણંદના રે;
અગણિત જ્યાં જિનબિંબ બિરાજે, ટાળક ભવ ભવ ફંદના રે. ગિરિ૦ ૩

કાંકરે કાંકરે સિદ્ધ અનંતા, કારક અતિ આનંદના રે;
એક સો આઠ ને એકવીશ નામે, ગાવો ગુણ એ ગિરીંદના રે. ગિરિ૦ ૪

દરિશન કરતાં દુરિત પલાયે, વર્ધક શિવસુખ કંદના રે;
એ ગિરિ નમતાં દૂરે નાસે, સૈનિક મોહ પુલીંદના રે. ગિરિ૦ ૫

આત્મ અમર પદ લેવા વંદે, વૃંદ મનુજ સુર ઈંદના રે;
ચતુર ચકોર ચિત્તે જિનચંદના, સેવન પદ અરવિંદના રે. ગિરિ૦ ૬

મુનિ ચતુરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सत्य विना मोक्ष नहीं

સ્વાર્થાંધતાસે મનુષ્યકી કયા અધમ સ્થિતિ હોતી ચલી,
કયા દૃષ્ટિ વિષમય બન ચલી છાયા જગો જગ હૈ કલી;
છોડ માનવી ધર્મ અપના માર્ગ અબ પાતા નહીં,
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૧

સ્ત્રી પુત્ર યા ધન ધાન્યમેં આસક્ત માનવી હો ચલા,
જિસમેં નહીં કછુ સાર ઉસમેં માનતા અપના ભલા;
પરિણામમેં સંસારકો જૂઠા સમજ લેતા વહી,
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૨

મિથ્યા જગત ફિર ભી રહા ઉસમેં સમાયા તત્ત્વ હૈ,
ઉસ તત્ત્વકા જો સત્ત્વ હૈ ઉસમેં રહા પુરુષત્વ હૈ;
પુરુષત્વકો પાયે બિના કછુ સાર આતા હૈ નહીં,
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૩

કર્મ કર પાયા જનમ કુલ ઉચ્ચમેં યા નીચમેં,
આનન્દ વૈભવ સ્વર્ગકા ભોગા પડા પુનિ કીચમેં;
સત્ય બિન જો કર્મ હૈ સો નિકટ પ્રભુ જાતા નહીં,
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૪

ઇસ નાટ્યભૂમિ પર માનવી માલિકકે નાટકકાર હૈ,
પરદેમેં રહકર ભી પ્રભુકે દર્શ કારણ આ રહૈ;
ભૂલા પડા જો ભૂલતા ઉદ્દેશ જીવનકા યહી,
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૫

દેખિયે ! રાજા ભલે હો રંક સબ હૈ માનવી,
દિન રાત સબકો એક હૈ ધૂપ છાંય સમ દેતા રવિ;
યદિ પાસ સત દૌલત ન હો તો કામ કછુ આતા નહીં,
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૬

ઇસ કર્મભૂમિ વિશાલમેં કર પુણ્યકો વા પાપકો,
આરંભમેં પૂછો જરા કયા હૈ રુચિકર આપકો;
નિર્ણય કરો ! નિશ્ચય કરો !! હૈ સત્યકા મારગ યહી.
સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૭

For Private And Personal Use Only

મોક્ષ પાનેકે લિયે હી પ્રેમ પ્રભુવરસેં કરો,
  ધર્મ કર્મ કરો પરન્તુ સત્યકે વ્રતકો ધરો;
સત્ય હૈ સો સત્ત્વ હૈ સર્વસ્વ-કારણ-તત્ત્વ હી,
  સત્ય સંચયકે બિના જીવ મોક્ષગતિ પાતા નહીં. ૮

" **જૈન ધર્મ પ્રકાશ** " માસિક પત્ર ભી કહતા સુનો,
  સત્ય અહિંસા ધર્મ પર કાયમ રહો અબ સજ્જનો !
દુર્લભ મીલા નરજન્મ તો ફિર વ્યર્થમેં ખોના નહીં,
  સત્ય બિન તીન કાળમેં યહ મોક્ષ તો મીલતા નહીં. ૯

**રાજમલ ભંડારી**
**આગર**-માલવા

# પ્રમાદપિશાચનો બહિષ્કાર

છપ્પા

**અરે †પ્રમાદપિશાચ ! કહું છું તુજને સાચું,**
  **મુજ અંતરથી જા તું ! જા તું ! પોકારી જાચું;**
**બૂરું કર્યામાં દુષ્ટ અરે ! તેં બાકી ન રાખી,**
  **વિરમ વિરમ ! તું હવે પુનઃ એ વિનતિ ભાખી;**
**નહિં વિરમ જો અધમ તું, કાઢીશ હું અપમાનથી.**
  **સ્વમાનનો જો અંશ તુજમાં, સમજ જા એક સાનથી. ૧**

**રાક્ષસ સદા ક્ષુધાર્ત્ત ! [1]બુભુક્ષુ ભિક્ષુ જેવા,**
  **ભક્ષણ ક્ષણ ક્ષણ કર્યા તણો તુજને છે હેવા;**
**દિવસ માસ ને વર્ષ, યુગો પણ તેં તો ખાધા,**
  **કાળચક્ર બહુ ખાઇ, ખાઈ ઉપજાવી બાધા;**
**એમ જો ! અનંતા કાળને, તું તો સ્વાહા કરી ગયો,**
  **તદપિ ત્હારી ક્ષુધાતણો. અંશ પણ ન ઓછો થયો ! ૨**

† આત્માના સત્સ્વરૂપથી પ્રમત્ત થવું-ભ્રષ્ટ થવું-ચ્યુત થવું તેનુ નામ પ્રમાદ; એટલે કે સર્વ પ્રકારની પરભાવપરિણતિ તે પ્રમાદ, અને સ્વભાવપરિણતિ તે અપ્રમાદ. આ વ્યાખ્યાના શીર્ષકમાં અન્ય ઉપભેદો સમાઇ જાય છે. ૧. ક્ષુધાતુર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુષ્ટ આઠ ત્ર્યમ ગ્રહ્યો, આત્મ-શશિને તેં રાહુ !
    લૂંટી લીધું તેં આત્મ-દ્રવ્ય હે તસ્કર શાહુ !
છોડ છોડ તું પીછો, તને ચેતવવા ચાહું,
    નહિં તો કાઢીશ બહાર, તાહરો પકડી બાહુ;
ભાગ ભાગ કુભાગી ભૂતડા ! ભાંગું [2]ગર્વોષ્મા તુજતણી,
    વીર ભગવાન ભુવાતણો, જાગૃતિ મંત્ર અદ્દભુત ભણી. ૩

મહિષ[3] મહા મદમસ્ત, તન-મન-વન વિચરંતા,
    ચાવી ગયો તું કાળ-કદમના પૂળા અનંતા !
કર્યું ખેદાનમેદાન આત્મક્ષેત્ર જ તેં ખૂંદી,
    આત્મગુણના સરસ પાકને નાંખ્યો છૂંદી;
મહિપાસુર ! સબુર સબુર ! તુજ રંજાડ હું નહિ સહું,
    દંડ ગ્રહી નિજ વીર્યનો, કરીશ પાંસરો ઢોર હું. ૪

મસ્તક* તુજ અજ્ઞાન, [4]ગ્રીવા તો સંશય માનું,
    [5]વક્ષ:સ્થલ વિશાળ, જ્ઞાન મિથ્યા જ પ્રમાણું:
રાગ દ્વેષ અભિધાન, દીર્ઘ બાહુયુગ ત્હારું,
    ધર્મ મહીં જે અનાદર, તે ઉદર જ ધારું;
મતિભ્રંશ દુષ્પ્રણિધાનને, તુજ પદયુગ્મ બુધો ગણે,
    એવા તને સાષ્ટાંગ અરે ! નમાવીશ હું નિજ કને. ૫

મહા મોહ તુજ તાત, મૂઢતા જન્મદ માતા,
    રાગ દ્વેષ બે ભ્રાત, ખ્યાત વિશ્વે મદમાતા;
વિકથા લ્હાડી બ્હેન, પત્ની તો નિદ્રા નામે,
    મદ આદિ કુલદીપ, સુહૃદો વિષયો જામે;

---

૨. અભિમાનની ગરમી. ૩. પાડો. ૪. ડોક. ૫. છાતી.

* પ્રમાદના આ આઠ પ્રકાર કહ્યા છે:—

" पमाओ य मुणिंदेहिं, भणिओ अट्ठमेयओ।
अन्नाणं संसओ चेव, मिच्छानाणं तहेव य ॥
रागो दोसो मइब्भंसो, धम्मंमि य अणायरो।
जोगाणं दुप्पणिहाणं, अट्ठहा वज्जियव्वओ ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવું [૬]અનુરૂપ અહો ! તને. કુટુંબ આ આવી મળ્યું.
સર્પગૃહે અતિથિ થઇ અરે ! સર્પ કુળ જાણે ભળ્યું ! ૬

તાત્વિક [૭]તાતા તીર, તાકી તુજ તાંત જ તોડું.
સમતા શક્તિવડે, [૮]સમરમાં બાંધવ મોડું;
નિદ્રા નિદ્રા પમાડીને. તુજ જોડું વિજોડું,
શમ મુદ્દગરથી મદ-આદિના મસ્તક ફોડું;
સુદર્શન ઉપયોગ ચક્રથી. તુજને પણ રોળું રણે,
એમ સકળ તુજ કુટુંબનો, કરીશ સંહાર હું ક્ષણે. ૭

'પ્રમાદ-કુત્તા ! મના, તને છે પ્રવેશવાની.'
ચોડી મુજ મનદ્વારે. નોટિસો ચેતવવાની;
છતાં અજાણ્યા ખૂણેથી, તું ઓચિંતો આવી,
પ્રવેશતો થઇ નફ્ફટ, મુજ મનદ્વાર ભમાવી;
પણ ચિત્તદ્વારે મેં હવે, ઉપયોગ ચોકીદારની.
ચોકી ગોઠવી છે ચાંપતી. ભલે તું ફાંફા મારની ! ૮

સુચિર કાળથી તને, પોષીને મોટો કીધો.
દગલબાજ ! તેં છતાં, મને તો દગો જ દીધો;
બહુ બહુ ભયથી ભર્યા. ભવોના ભ્રમણે નાંખી,
કર્યો ખૂબ હેરાન-તુજ રંજાડો સાંખી;
રે ! કૃતઘ્નશિરોમણિ ! હવે, વિશ્વાસ તુજ રાખું ન હું,
મનોનંદન મનોરાજ્યમાં. પ્રવેશ પણ તુજ ના સહું. ૯

ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

---

અથવા પ્રકારાંતરે પાંચ પ્રમાદઃ—

" भज्जं विसयकसाया. निद्दा विकहा य पंचमी भणिया।
एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ "

૬. ત્હારા લાયક, તને છાજે એવું. ૭. તીક્ષ્ણ. ૮. યુદ્ધમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનું તપ

( સંગ્રાહક સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજયજી )

શ્રી સુધર્માસ્વામી કહે છેઃ—

હે આયુષ્યમન્ જંબૂ ! શ્રી મહાવીર ભગવાનની તપશ્ચર્યાનું વર્ણન મેં જેમ સાંભળ્યું છે તેમ તને અહીં સંભળાવું છું. તે શ્રમણ ભગવાને ઉદ્યમવંત થઈ, સંસારના દુઃખ સમજી, પ્રવજ્યા લીધી અને તે જ દિવસે હેમંત ઋતુની ઠંડીમાં જ તે બહાર ચાલી નીકળ્યા. તે કડકડતી ઠંડીમાં વસ્ત્રથી શરીર ન ઢાંકવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો અને જીવનપર્યંત કઠણમાં કઠણ મુશ્કેલીઓ ઉપર વિજય મેળવનાર ભગવાન માટે તે ઉચિત જ હતું.

અરણ્યમાં વિહરતા ભગવાનને નાના મોટા અનેક જંતુઓએ ચાર મહિના સુધી ઘણો ત્રાસ આપ્યો અને એમના લોહી-માંસ ચૂસ્યા.

તેર મહિના સુધી ભગવાને વસ્ત્રને ખભા ઉપર જ રાખી મૂક્યું. પછી બીજે વર્ષે શિશિર ઋતુ અડધી વ્યતીત થતાં તેને છોડીને ભગવાન સંપૂર્ણ અચેલક-વસ્ત્ર રહિત થયા.

વસ્ત્ર ન હોવા છતાં સખત ટાઢમાં તે હાથ લાંબા રાખીને ધ્યાન ધરતા, ટાઢને કારણે કોઈ દિવસ તેમણે હાથ બગલમાં ઘાલ્યા નથી. કોઈ કોઈ વાર શિયાળામાં તે છાયામાં જ બેસીને ધ્યાન ધરતા અને ઉનાળામાં તાપમાં જ ખુલ્લે દિલે ઉભડક બેસી ધ્યાન ધરતા.

તે વખતે શિશિર ઋતુમાં હિમાયુ વા વાવાને લીધે અનેક લોકો તો કંપ્યા જ કરતા અને કેટલાક સાધુઓ એ વખત હવાના ઉપદ્રવ વિનાનું સ્થાન શોધતા. કેટલાક કપડાવડે શરીર ઢાંકવાનો વિચાર કરતા અને કેટલાક લોકો લાકડાં પણ બાળતા. તે વખતે જીતેંદ્રિય અને શરીરસુખની આંકાક્ષા વિનાના તે ભગવાન એ શીતને ખુલ્લામાં રહીને સહેતા. કોઈ વાર ઠંડી અસહ્ય થઈ પડે ત્યારે ભગવાન સાવધાનપણે રાત્રે બહાર નીકળીને ઊભા રહેતા. વસ્ત્ર વિનાના હોવાથી તૃણના સ્પર્શો, ટાઢના સ્પર્શો, તાપના સ્પર્શો અને ડાંસ તથા મચ્છરના સ્પર્શો એમ અનેક પ્રકારના ( કઠોર ) સ્પર્શો ભગવાન મહાવીરે સમભાવે સહ્યા હતા.

રસ્તે ચાલતાં ભગવાન આગળ આગળ પુરુષની લંબાઈ જેટલા માર્ગ ઉપર દૃષ્ટિ રાખીને આડુંઅવળું ન જોતાં ચાલવાના માર્ગ તરફ જ જોઈને સાવધાનીથી ચાલતા. તે વખતે કોઈ બોલાવે તો પ્રાયઃ બોલતા જ નહીં, કદી બોલતા તો ઘણું જ ઓછું બોલતા અને દૃષ્ટિને સ્થિર કરીને અંતર્મુખ રહેતા. ઉજ્જડ ઘર, સભા સ્થાન, પરબો અને હાટડાંઓ એવાં સ્થાનોમાં ભગવાન કોઈ વાર રહેતા તો કોઈવાર લુહારના કોઢમાં કે પરાળના ઢગલાઓ પાસે. તો કોઈ વાર ધર્મશાળાઓમાં, બગીચાઓમાં, ઘરોમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મતત્ત્વ

( લેખક—મુમુક્ષુ મુનિ )

[ પ્રસ્તુત લેખમાંની હકીકત સંગ્રહિત કરેલી છે જે બહુ જ વિચારવા યોગ્ય છે. છૂટક છૂટક લીધેલું હોઈ એમાં વિષયસંકલનાનો ક્રમ ઓછો રખાયેલ છતાં આ સંબંધીના સામાન્ય જ્ઞાનવાળા આત્મજિજ્ઞાસુઓને અતિ લાભપ્રદ નીવડશે એમ ધારી પ્રગટ કરાય છે. મજકુર આખોય લેખ વિચારણાપૂર્વક વાંચવામાં આવશે તો જ આમાંનું તત્ત્વ સમજી શકાશે તેમજ ઉક્ત હકીકત પણ આ વસ્તુના જિજ્ઞાસુઓને રસપ્રદ લાગશે—જણાશે; બીજાને નહિ. ]

આ વિશ્વમાં ચૈતન્ય અને જડ એ બે વસ્તુને મૂકીને બીજી કોઈ પણ વસ્તુ નથી. આત્મસ્વભાવ પ્રગટ કરવાની ઇચ્છાવાળા જીવોએ એ બંનેના લક્ષણો જાણવા જોઇએ. જેઓ આ બંનેના લક્ષણો જાણે છે તે અજીવનો ત્યાગ કરી જીવતત્ત્વમાં લીન થાય છે. જીવતત્ત્વમાં લીન થતાં રાગ-દ્વેષનો નાશ થાય છે, રાગ-દ્વેષ દૂર થતાં નવીન કર્મો આવતાં અટકે છે.

**જીવ( આત્મા )નું લક્ષણ** ( નિશ્ચય ને વ્યવહારથી )—આત્મા ઉપયોગમય છે અથવા જ્ઞાનોપયોગમય છે અને દર્શનોપયોગમય છે. સારાંશ કે–આત્મા નિશ્ચય નયની અપેક્ષાએ જ્ઞાનદર્શનઉપયોગમય છે અને વ્યવહારથી ક્ષાયોપશમિક જ્ઞાનદર્શનઉપયોગમય છે. આત્મા મૂર્ત્તિમાન નથી પણ વ્યવહારની અપેક્ષાએ જીવ કર્માધીન હોઇ મૂર્ત્તિમાન છે, નિશ્ચયથી દ્રવ્યકર્મ ભાવાદિનો કર્ત્તા નથી પણ વ્યવહારથી કર્તૃત્વ છે. નિશ્ચયની અપેક્ષાએ આત્મા લોકાકાશ-પ્રમાણ છે અને વ્યવહારથી સ્વદેહપ્રમાણ છે. આત્મા નિશ્ચયથી સહજ સુખામૃતનો ભોક્તા છે અને વ્યવહારથી સુખ દુઃખનો ભોક્તા છે. આત્મા નિશ્ચયથી સિદ્ધ સમાન છે અને વ્યવહારથી સંસારસ્થ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ–એ ચાર પ્રકારના પુદ્ગલપરાવર્ત્ત લક્ષણ સંસારમાં સ્થિતિ કરવાવાળો છે, નિશ્ચયથી સિદ્ધ છે અને રાગ-દ્વેષના પરિણામવશાત્ અસિદ્ધ છે. આત્મા નિશ્ચયથી વિશ્વની ઉપર (પ્રાંતે) ગતિ કરનારો છે અને વ્યવહારથી કર્મસંબંધને લીધે ઊંચે, નીચે અને

---

કે નગરમાં રહેતા હતા. કોઇ વાર શ્મશાનમાં, શૂન્ય ઘરમાં કે ઝાડની નીચે રહેતા હતા. આ રીતે એ શ્રમણે ૧૨ વર્ષ કરતાં વધારે સમય વીતાવ્યો. તે વર્ષો દરમીયાન રાતદિવસ યત્નવાન રહીને ભગવાન અપ્રમત્તપણે સમાધિપૂર્વક ધ્યાન કરતા, પ્રભુનું આવું જીવનચરિત્ર અવગાહી જેટલું બને તેટલું અનુકરણ કરાય તો કેવું સારું ?

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિર્થ્યગ્ ગતિ કરનારો છે. વ્યવહારથી ભૂત. ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં વર્તનારો છે. પ્રાણના ચાર પ્રકાર છે—

ઇંદ્રિયપ્રાણ, ૨ બલપ્રાણ, ૩ શ્વાસોશ્વાસપ્રાણ અને ૪ આયુપ્રાણ.

( ૧ ) શુદ્ધ ચેતના રહિત અશુદ્ધ ચેતનારૂપ પ્રાણ તે **ઇંદ્રિયપ્રાણ.**

( ૨ ) અનંત વીર્યરૂપથી વિપરીત મન, વચન, કાય એ **બલરૂપપ્રાણ.**

( ૩ ) અનાદિ અનંત આત્મદ્રવ્યની સત્તા રૂપથી વિપરીત સાદિસાંત રૂપ જે પ્રાણ તે **આયુપ્રાણ.**

( ૪ ) અનંત સુખરૂપથી વિપરીત જે અલ્પ માત્ર ખેદનિવૃત્તિ પ્રાણ તે **શ્વાસોશ્વાસપ્રાણ.**

આ ચાર પ્રાણના ઉત્તરભેદ દશ થાય છે. ૫ ઇંદ્રિય, ૩ બળ, ૧ આયુ ને ૧ શ્વાસોચ્છ્વાસ.

**ઉપયોગાધિકાર**—નેત્રદ્વારા જે દર્શન થાય તે **ચક્ષુદર્શનોપયોગ.** નેત્ર સિવાય બીજી ચાર ઇંદ્રિયોદ્વારા જે દર્શન થાય તે **અચક્ષુદર્શનોપયોગ** અને અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી અવધિ—મર્યાદા પ્રમાણમાં જે દર્શન થાય તે **અવધિદર્શનોપયોગ.** આ ત્રણ દર્શનોપયોગને **ક્ષાયોપશમિક દર્શન ઉપયોગ** કહેવામાં આવે છે અને લોકાલોકમાં રહેલા સર્વ પદાર્થનું દર્શન તે **કેવલદર્શનોપયોગ** યાને **ક્ષાયિકદર્શનોપયોગ** કહેવામાં આવે છે.

**આઠ પ્રકારે જ્ઞાન**—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન આ પાંચ સમ્યક્ત્વ આશ્રયી છે અને મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન એ ત્રણ મિથ્યાત્વ આશ્રયી છે. મતિ ને શ્રુત-જ્ઞાન ને અજ્ઞાન-એ ચાર પરોક્ષ જ્ઞાન છે. વિભંગજ્ઞાન, અવધિજ્ઞાન તથા મનઃપર્યવજ્ઞાન એ ત્રણ **એકદેશ પ્રત્યક્ષ જ્ઞાન** છે અને કેવળજ્ઞાન **સંપૂર્ણ પ્રત્યક્ષ** જ્ઞાન છે. આ આઠ ભેદ પૈકી ત્રણ અજ્ઞાન તથા ચાર જ્ઞાન તે ક્ષાયોપશમિક છે અને કેવળજ્ઞાન ક્ષાયિક છે ત્રણ અજ્ઞાન મિથ્યાદૃષ્ટિને ઉત્પન્ન થાય છે અને બાકીના પાંચ જ્ઞાન સમ્યક્ દૃષ્ટિને ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જીવનું સામાન્ય લક્ષણ વ્યવહારદૃષ્ટિએ કહેવામાં આવેલ છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો આત્મા કેવળદર્શન અને કેવળજ્ઞાનમય છે

વ્યવહારનયની અપેક્ષાએ-હળવો, ભારે, ઊનો, ઠંડો, લૂખો, ચોપડ્યો સુંવાળો, ખરબચડો-એ આઠ સ્પર્શ. ખાટો, મીઠો, તીખો, કડવો, કષાયલો-એ પાંચ રસ. સુરભિગંધ, દુરભિગંધ-એ બે ગંધ. કાળો, પીળો, લીલો, ધોળો

For Private And Personal Use Only

અને રાતો એ પાંચ વર્ણ—એ વીશ ગુણો સહિત જે પદાર્થ તે **મૂર્ત્ત** કહેવાય છે. એ પૌદ્ગલિક છે. નિશ્ચયની અપેક્ષાએ એ વીશ ગુણો આત્મદ્રવ્યમાં નથી તેથી તે **અમૂર્ત્ત** કહેવાય છે. આત્મા નિશ્ચયની અપેક્ષાએ પુદ્ગળ કર્મનો કર્ત્તા નથી અને વ્યવહારનયે રાગદ્વેષમોહરૂપ વિભાવ પરિણામને વશ થઇ કર્મનો કર્ત્તા છે.

આનું રહસ્ય એ છે કે શુદ્ધ ચેતના ઉપાદેય છે—ગ્રાહ્ય છે અને બીજા સકળ વિભાવરૂપ અશુદ્ધ ચેતના ઔપાધિક હોવાથી હેય–ત્યાજ્ય છે.

**અજીવ:**—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્ગળ–આ પાંચ અજીવો છે. જીવના લક્ષણથી અજીવનું લક્ષણ તદ્દન જુદું છે. જીવમાં ચૈતન્ય લક્ષણની મુખ્યતા છે અને અજીવમાં જડ લક્ષણની મુખ્યતા છે. જીવને જેમ દ્રવ્ય કહેવામાં આવે છે તેમ આ અજીવના પાંચે ભાગોને દ્રવ્ય કહેવામાં આવે છે. એટલે બધા મળી વિશ્વમાં છ દ્રવ્યો છે. જેમાં ગુણપર્યાય હોય તે દ્રવ્ય કહેવાય છે. "ગુણપર્યાયવાન તે દ્રવ્ય" એ સામાન્ય રીતિએ દ્રવ્યનું લક્ષણ છે. આ દ્રવ્યો સ્વસત્તામય અને અવિનાશી છે.

ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ–સર્વ પદાર્થોમાં આ ત્રણે સત્તા વ્યાપ્ત છે. એક પર્યાયને અને અનંત પર્યાયને ધારણ કરનારી છે. ઉત્પન્ન થતા પદાર્થમાં ઉત્પન્ન થવારૂપે સત્તા રહેલી છે, નાશ પામતા પદાર્થમાં નાશ થવારૂપે સત્તા રહેલી છે અને સ્થિર રહેતા પદાર્થમાં સ્થિર રહેવારૂપે સત્તા રહેલી છે. આ એક એકની અપેક્ષાએ તે સત્તા **એકરૂપે** પણ છે અને ઘટપટાદિ સર્વ પદાર્થમાં તે રહેતી હોવાથી **અનેકરૂપે** પણ કહેવાય છે. સર્વ પદાર્થમાં તે સત્તા એક સ્વરૂપે રહેતી હોવાથી **એક સ્વરૂપ** છે; અને ભિન્ન ભિન્ન પદાર્થોમાં ભિન્ન ભિન્ન પર્યાયપણે રહેતી હોવાથી **અનેક સ્વરૂપ** ( અનંત પર્યાયરૂપ ) પણ છે.

વિશ્વમાં કોઇ પદાર્થ નાશ પામતો નથી પરંતુ પોતાના પર્યાયમાં ફેરફાર કરી શકે છે. મૂળ દ્રવ્ય તો કાયમ રહે છે. આ અપેક્ષાએ દરેક પદાર્થ નિત્ય અનિત્ય કહેલા છે. દ્રવ્યની અપેક્ષાએ **નિત્ય** ( અવિનાશી ) છે; પર્યાયની અપેક્ષાએ **અનિત્ય** ( વિનાશી ) છે.

પુદ્ગળાસ્તિકાયને મૂકીને પાંચે તત્ત્વો અમૂર્ત્ત છે; તેમજ નિષ્ક્રિય પણ અપેક્ષાએ છે. જેમાં શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શની વ્યવસ્થા રહેલી છે તે મૂર્ત્ત કહેવાય છે. જે દ્રવ્યના ગુણો ઇંદ્રિયોથી ગ્રહણ થઇ શકે તેમ હોય તે **મૂર્ત્ત** દ્રવ્ય છે, અને જેના ગુણો અતીન્દ્રિય શક્તિથી–આત્માથી ગ્રહણ કરી શકાય છે તે દ્રવ્યને **અમૂર્ત્ત** કહે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મના ઉદયથી જે જીવનો શુભાશુભ ભાવ—પરિણામ થાય છે તે ભાવનો કર્તા જીવ છે. કર્મના ઉદયથી રાગ-દ્વેષાદિ વિભાવ આત્મામાં ઉત્પન્ન થાય છે તેને લઇને આત્મા ( જીવ ) રાગી-દ્વેષી વિગેરે કહેવાય છે. **આ ભાવનો કર્તા જીવ છે પણ કર્મનો કર્તા નથી.**

શાસ્ત્રોની અંદર કર્મના ઉદયાદિથી ઉત્પન્ન થયેલા ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો વિવિધ પ્રકારે વર્ણન કરેલા છે. તે ત્રણે ભાવો અચેતન-જડ છે.

૧ **ઉપશમભાવ**—જેમ અગ્નિ કે દીવાદિકનો પ્રકાશ. અગ્નિ ઉપર રાખ નાખવાથી કે દીવા ઉપર બીજી કોઇ વસ્તુ ઢાંકી દેવાથી તે પ્રકાશ કે ગરમી દબાએલી રહે છે પણ તેનો નાશ થતો નથી તેમ અમુક પ્રકારના ઉત્તમ પરિણામના બળે કેટલીક કર્મની પ્રકૃતિઓ તે વખતે ઉદયમાં આવી પોતાનો પ્રભાવ જીવને બતાવી નથી શકતી. તે ઉપશમ ભાવ છે. મોહનીય કર્મની પ્રકૃતિનો જ ઉપશમ ભાવ થાય છે, તેથી ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર પ્રગટે છે. દર્શનમોહ અને ચારિત્રમોહ એ બંનેને વિશુદ્ધ પરિણામ હોય તો દબાવી શકાય છે. મનુષ્ય જેમ બીજા કામમાં પ્રવૃતિ કરતો હોય અને તેમાં આસક્ત હોય ત્યારે પોતાની સારી કે ખરાબ આદતોને થોડા વખતને માટે ભૂલી જાય છે, તેમ સારા વિચારો કે સહવાસના કારણે જીવ આ બંને પ્રકૃતિઓને દબાવી શકે છે પણ તેનો ક્ષય થયો ન હોવાથી તેવી પ્રવૃત્તિ કે તેવા નિમિત્તના અભાવે અને તેની વિરોધી પ્રવૃત્તિ કે વિરોધી નિમિત્તો આવી મળતાં પાછી તે પ્રકૃતિઓ સત્તામાંથી બહાર આવીને પોતાનો પ્રભાવ બતાવે છે. એટલે ઉપશમભાવ પણ કર્મની પ્રકૃતિના અંગે હોવાથી તે ચૈતન્યસ્વરૂપ નથી પણ **જડભાવ** છે.

૨ **ક્ષયોપશમભાવ**—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, ક્ષયોપશમિકભાવના દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ, સરાગ ચારિત્ર અને દેશવિરતિ આ અઢાર ભેદો ક્ષયોપશમભાવના છે. આમાં ઉદય આવેલા કર્મનો ક્ષય થાય છે અને ઉદય નહિ આવેલી પ્રકૃતિઓને ઉપશમાવવામાં આવે છે અથવા વિપાકદ્વારા તે પ્રકૃતિઓ ભોગવવામાં આવતી નથી પણ પ્રદેશદ્વારા તેનો ઉપભોગ કરાય છે. જેમ અગ્નિ ઉપર રાખ નાંખીને અગ્નિ ભારવામાં આવે છે, તેથી બહારથી અગ્નિ દેખાતો નથી તેટલો ઉપશમ છે પણ તેની બારિક વરાળદ્વારા અગ્નિની ગરમી બહાર આવે છે તેમ અમુક કર્મની પ્રકૃતિ વિપાકદ્વારા ભોગવવા યોગ્ય દબાયેલી રહે છે અને પ્રદેશદ્વારા ઉ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોગવાય છે; માટે તેને **ક્ષયોપશમભાવ** કહે છે. આમાં કર્મપ્રકૃતિને દબાવવાની કે ક્ષય કરવાની જ વાત હોવાથી આ ભાવ પણ પૌદ્ગલિક **જડ** છે, ચેતન નથી.

૩ **ઔદયિકભાવ**—દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી આ ચાર ગતિ; ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાય; સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આ ત્રણ વેદ; મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ, કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ આ છ લેશ્યા—આ એકવીશ ઔદયિક ભાવના ભેદો છે. જે ગતિમાં જીવ જાય ત્યાં તેને યોગ્ય આ એકવીશ પ્રકૃતિમાંહેલી પ્રકૃતિઓ ઉદયમાં આવ્યા જ કરે છે. આમાં પણ કર્મપ્રકૃતિનો ઉદય હોવાથી આ ભાવ પણ અચેતન પ્રકૃતિજન્ય છે, તેથી તે **જડભાવ** છે, ચેતનભાવ નથી.

૪ **ક્ષાયિકભાવ**—દર્શનમોહ અને ચારિત્રમોહ ક્ષય થવાથી પ્રગટ થયેલ ક્ષાયિકસમ્યક્ત્વ અને ક્ષાયિકચારિત્રરૂપ આત્માની નિર્મળતા, જ્ઞાનાવરણ અને દર્શનાવરણના ક્ષયથી પ્રગટ થયેલ ક્ષાયિક ( કેવળ ) જ્ઞાન અને ક્ષાયિક( કેવળ ) દર્શન, અંતરાય કર્મ ક્ષય થવાથી પ્રગટ થયેલ ક્ષાયિક ભાવના દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય–એ રીતે ચાર ઘાતીકર્મનો સર્વથા ક્ષય થવાથી પ્રગટ થએલ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય એ આત્માના ગુણો હોવાથી એ **ચેતનભાવ** છે; જડ નથી.

૫ **પારિણામિકભાવ**—જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ. આ ત્રણ પારિણામિક ભાવ છે. આ ભાવો જીવના–આત્માના સ્વભાવભૂત છે. એટલે ભવ્યમાં ભવ્યત્વ અને જીવત્વ અને અભવ્યમાં અભવ્યત્વ અને જીવત્વ એ સદા સાથે રહેતા હોવાથી એ ત્રણ ભાવ **ચેતન** છે પણ જડ નથી.

ક્ષાયિક અને પારિણામિક આ બે ભાવ સિવાય બાકીના જે ત્રણ ભાવો છે તે અચેતન–જડ છે, જેનો આત્માની સાથે કાંઇ સંબંધ નથી, નિમિત્ત સંયોગથી સંયોગ સંબંધે આવે છે અને વિયોગ સંબંધે તેનું જીવથી–આત્માથી જુદાપણું થઇ શકે છે માટે તે અજીવ–જડ છે.

જડમાં પણ બે પ્રકાર છે: એક સાધક અને બીજો બાધક. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન આદિ ક્ષાયિકભાવ સુધી પહોંચાડે છે જેથી તે જીવને ઊંચે ચઢવાને માટે **સાધક** છે અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન આદિ જીવને નીચે લઇ જાય છે જેથી તે **બાધક** છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૂળસૂત્રોની સંખ્યા અને ક્રમ

હરેક ધર્મ, સંપ્રદાય, પંથ કે મજહબના અનુયાયીઓ પોતાના મંતવ્યને સમર્થિત કરનારા અમુક અમુક ગ્રંથને પ્રમાણભૂત ગણી તેને 'શાસ્ત્ર' એવી સંજ્ઞા આપે છે. ઘણીખરી વાર પ્રારંભમાં આવી રીતે શાસ્ત્ર તરીકે સ્વીકારાયેલા ગ્રંથની સંખ્યા બહુ અલ્પ હોય છે, પરંતુ વખત જતાં એ ધર્મના બીજા મહાપુરુષોએ રચેલા ગ્રંથોને પણ 'શાસ્ત્ર' એવું નામ અપાય છે અને એવી રીતે શાસ્ત્રોની સંખ્યા વધતી જાય છે. આ હકીકત અમુક અંશે જૈન ધર્માવલંબીઓના ગ્રંથોને પણ લાગુ પડે છે, કેમકે ત્રિપદીને અનુલક્ષીને રચાયેલાં બાર અંગો એ જૈનોનાં સૌથી પ્રાચીન અને પ્રાથમિક શાસ્ત્રો છે. એ અંગોની રચના થયા બાદ બીજાં શાસ્ત્રો રચાયાં છે અને એવી રીતે ઉત્તરોત્તર રચનાથી ઉદ્ભવેલાં શાસ્ત્રોની સંખ્યા હાલમાં કેટલાક સમયથી ૪૫ ની ગણાવાય છે. આ ૪૫ શાસ્ત્રોને 'પીસ્તાળીશ આગમ' તરીકે ઓળખાવાય છે. આ આગમોના (૧) અંગ, (૨) ઉપાંગ, (૩) પ્રકીર્ણક, (૪) છેદસૂત્ર, (૫) મૂળસૂત્ર અને (૬) ચૂલિકા—એમ છ વર્ગો પાડવામાં આવે છે; અને એ વર્ગોમાં અનુક્રમે ૧૧, ૧૨, ૧૦, ૬, ૪ અને ૨ ગ્રંથોનો સમાવેશ કરાયો છે.

અંગાદિ છ વર્ગોમાં ઉત્પત્તિની દૃષ્ટિએ જેમ અંગની ગણના સૌથી પ્રથમ વર્ગ તરીકે કરવામાં કશો ખાસ બાધ જણાતો નથી તેમ ઉપાંગાદિની બીજા, ત્રીજા ઇત્યાદિ વર્ગ તરીકેની ગણના માટે કહી શકાય તેમ જણાતું નથી. આવી પરિસ્થિતિમાં મૂળસૂત્રને માટે સૂચવાતા પાંચમો વર્ગ એ શાસ્ત્રની ઉત્પત્તિના ક્રમને આભારી છે કે નહિ તેનો નિર્ણય કરવો બાકી રહે છે. વિચાર કરવા માટે અત્ર સ્થાન નથી એટલે આપણે પ્રસ્તુતમાં 'મૂળસૂત્ર' તરીકે ઓળખાવાતા ગ્રંથોના જ ક્રમનો વિચાર કરીશું અને તેમ કરવા માટે સૌથી પ્રથમ મૂળસૂત્રોની સંખ્યા તરફ દૃષ્ટિપાત કરીશું.

સામાન્ય રીતે **૧ ઉત્તરજ્ઝયણસુત્ત** (**ઉત્તરાધ્યયનસૂત્ર**), **૨ દસવેયાલિયસુત્ત** (**દશવૈકાલિકસૂત્ર**), **૩ આવસ્સયસુત્ત** (**આવશ્યકસૂત્ર**), **૪ પિંડનિજ્જુત્તિ** (**પિણ્ડનિર્યુક્તિ**) અને **૫ ઓહનિજ્જુત્તિ** (**ઓઘનિર્યુક્તિ**) એ પાંચ ગ્રંથોને 'મૂળસૂત્ર' તરીકે ઓળખાવાય છે. આનું કારણ એમ જણાય છે કે મૂળસૂત્રો ચાર છે એવી માન્યતા રૂઢ થયેલી છે. એ રૂઢ માન્યતાને વળગી રહેનારાઓમાંથી કેટલાક **પિણ્ડનિર્યુક્તિ**ને તો કેટલાક **ઓઘનિર્યુક્તિ**ને ચોથા મૂળસૂત્ર તરીકે ગણાવે છે. અલબત્ત, એ વાત સાચી છે કે ઉપર્યુક્ત આ બંને પ્રકારની માન્યતામાં **ઉત્તરાધ્યયન** સૂત્ર આદિ ત્રણ ગ્રંથોને ત્રણ મૂળસૂત્રો તરીકે સ્થાન અપાયેલું જ છે.

આ ઉપરથી એક રીતે એ હકીકત ફલિત થાય છે કે મૂળસૂત્રોની સંખ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારેમાં વધારે આવ્યો છે. સ્થાનકવાસી સંપ્રદાય મૂળસૂત્ર તરીકે **ઉત્તરાધ્યયન** આદિ ત્રણ જ ગ્રંથો ગણાવે છે એટલે કે તેઓ **પિણ્ડનિર્યુક્તિ** કે **ઓઘનિર્યુક્તિ**ને મૂળસૂત્ર તરીકે-ગરઠ શાસ્ત્ર તરીકે પણ સ્વીકારતા નથી. દિગંબર સંપ્રદાયમાં 'મૂળ' એવી સંજ્ઞા નથી, જો કે એ સંપ્રદાયમાં **દશવૈકાલિક** અને **ઉત્તરાધ્યયન** એ ગ્રંથોનો ચૌદ પ્રકીર્ણકમાં સમાવેશ કરાયો છે ખરો.

અત્ર એ વાત નોંધવી આવશ્યક સમજાય છે કે **દશવૈકાલિકસૂત્રની** નિજ્જુત્તિ (નિર્યુક્તિ) ની ૩૦૪ મી ગાથામાં **પિણ્ડનિર્યુક્તિ** વિષે સૂચન છે. એ ઉપરથી એમ અનુમનાય છે કે **દશવૈકાલિકસૂત્ર**ના 'પિંડેસણા' ('પિણ્ડૈષણા') નામના અધ્યયનની પૂર્તિરૂપે અને તદ્‌ગત વિષયની વિશેષ માહિતી આપનારા વિશિષ્ટ ગ્રંથરૂપે **પિણ્ડનિર્યુક્તિ**નું નિર્માણ થયેલું છે. એવી રીતે **આવશ્યકસૂત્રની** નિર્યુક્તિની પૂર્તિરૂપે **ઓઘનિર્યુક્તિ**નો ઉલ્લેખ કરાય છે. આ પ્રમાણેના અંગાંગિભાવનો વિચાર કરતાં એમ સૂચવી શકાય કે **પિણ્ડનિર્યુક્તિ**નો **દશવૈકાલિકસૂત્રમાં** અને **ઓઘનિર્યુક્તિ**નો **આવશ્યકસૂત્રમાં** અંતર્ભાવ થઇ શકે અને તેમ થતાં મૂળસૂત્રોની સંખ્યા ત્રણની ગણાવાય. બર્લિનના રાજકીય સંગ્રહગત હસ્તલિખિત પ્રતિઓના વિસ્તૃત અને વર્ણનાત્મક સૂચીપત્રમાં **ડૉ. વેબરે** (Weber) **ઉત્તરાધ્યયન** આદિ ત્રણ જ ગ્રંથોને મૂળસૂત્ર તરીકે ગણાવ્યા છે, પરંતુ ઉપર્યુક્ત વિચારપ્રણાલિકાને આધારે તેમણે તેમ કર્યું છે કે અન્ય કોઇ કારણસર તેમ કર્યું છે તે જાણવું બાકી રહે છે. **ડૉ. બ્હૂલરે** (Bühler) પણ ત્રણ જ ગ્રંથોનો મૂળસૂત્ર તરીકે ઉલ્લેખ કર્યો છે. એના સમર્થનાર્થે, ઇન્ડિયા ઓફ઼િસ (India Office) ના પુસ્તકાલયમાંની હસ્તલિખિત પ્રતિઓના વર્ણનાત્મક સૂચીપત્ર (પુ૦ ૨, ભા૦ ૨) માં "સર્વસિદ્ધાન્તાધ્યયનોદ્દેશનિર્ણય" નામની જે તેમની કૃતિ પ્રસિદ્ધ થઈ છે તેનો ઉલ્લેખ કરવો બસ થશે.

આ સૂચીપત્ર કે જે પ્રો. **કીથ** (Keith) દ્વારા સંપાદિત થયેલું છે તેના (પૃ૦ ૧૨૬૨-૧૨૭૨) માં સૌથી પ્રથમ **ઉત્તરાધ્યયનસૂત્રની**, ત્યારબાદ **આવશ્યકસૂત્રની (ષડાવશ્યક)** અને અંતમાં **દશવૈકાલિકસૂત્રની** પ્રતિઓને સ્થાન અપાયેલું છે એટલે અહીં પણ મૂળગ્રંથો તરીકે ત્રણની જ ગણના થઇ છે એમ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.

ડૉ. **વેબર** પ્રમુખ પાશ્ચાત્ય વિદ્વાનોની પેઠે ડૉ. **ચાર્પેન્ટિયરે** (Charpentier) તેમજ ડૉ. પ્રો. **વિન્ટર્નિટ્સે** (Winternitz) મૂળસૂત્રો તરીકે ત્રણ ગ્રંથોનો નિર્દેશ ન કરતાં ચારનો કર્યો છે. જો કે તેમણે ડૉ. **વેબર** પ્રમુખ વિદ્વાનોની પેઠે **ઉત્તરાધ્યયનસૂત્ર**ને પહેલું મૂળસૂત્ર, **આવશ્યકસૂત્ર**ને બીજું અને **દશવૈકાલિકસૂત્ર**ને ત્રીજું મૂળસૂત્ર ગણ્યું છે, તેઓ **પિણ્ડનિર્યુક્તિનો** ચોથા મૂળસૂત્ર તરીકે ઉલ્લેખ કરે છે. ફ્રેંચ વિદ્વાન **ગેરિનો** (Guerinot) પણ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન વિદ્વાનોના મતને મળતા થાય છે એ ડુકોકત એમના કૃતિ નામે "La religion Djaina" ના ૭૮ મા પૃષ્ઠ ઉપરથી જોઇ શકાય છે.

પ્રો. **શુબ્રિંગ** ( Schubring ) ઉપર્યુક્ત બધા વિદ્વાનોથી જુદા પડે છે. તેઓ મૂળસૂત્ર તરીકે નીચે મુજબના ક્રમપૂર્વક પાંચ ગ્રંથો ગણાવે છે:—

( ૧ ) **ઉત્તરાધ્યયન**, ( ૨ ) **દશવૈકાલિક**, (૩) **આવશ્યક**, ( ૪ ) **પિણ્ડનિર્યુક્તિ** અને ( ૫ ) **ઓઘનિર્યુક્તિ.** મેં પણ અહીંના **ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિર** તરફથી પ્રસિદ્ધ થના "જૈન હસ્તલિખિત પ્રતિઓના વર્ણનાત્મક સૂચીપત્ર" ( પુ૦ ૧૭, ભા૦ ૩ ) માં પહેલા ત્રણ મૂળસૂત્રો માટે એજ ક્રમને ઇ. સ. ૧૯૩૦–૩૧ માં સ્થાન આપ્યું હતું. અત્ર એ ઉમેરીશ કે એક બીજાના ગ્રંથો જોયા વિના કે પરસ્પર વિચારની આપ–લે કર્યા વિના મારે તેમજ પ્રો. **શુબ્રિંગને** હાથે એક જ જાતનું લખાણ થવા પામ્યું છે.

આ વિવેચનને આગળ ઉપર લંબાવાય તે પૂર્વે નીચે મુજબની પાંચ બાબતોની નોંધ કરવી દુરસ્ત સમજાય છે—

( ૧ ) કેટલાક મૂળગ્રંથોની સંખ્યા ત્રણની જ ગણાવે છે.

( ૨ ) ,, ,, ,, ,, ચારની ,, ,,

( ૩ ) ચાર મૂળગ્રંથો ગણાવનારામાંથી કેટલાક ચાર જ ગ્રંથો ગણાવે છે અને કેટલાક પાંચ ગણાવે છે.

( ૪ ) કેટલાક ચોથા મૂળસૂત્ર તરીકે **પિણ્ડનિર્યુક્તિનો** ઉલ્લેખ કરે છે તે કેટલાક **ઓઘનિર્યુક્તિનો** ઉલ્લેખ કરે છે.

( ૫ ) પહેલાં ત્રણ મૂળસૂત્રોનો ક્રમ બે પ્રકારે સૂચવાય છે.

અત્યાર સુધી મોટે ભાગે પાશ્ચાત્ય વિદ્વાનોની વિચાર–સરણીનો ઉલ્લેખ કરાયે

હવે પૌર્વાત્ય વિદ્વાનોના મંતવ્યનો ઉલ્લેખ કરાય છે. તેમાં ડૉ. બાબુ **રાજેન્દ્રલાલ મિત્રે**[1] **આવશ્યકસૂત્ર, વિશેષાવશ્યકસૂત્ર, દશવૈકાલિકસૂત્ર**

૧ બાબુ ડૉ૦ **રાજેન્દ્રલાલ મિત્રે** " Notices of Sanskrit Mss ( પુ૦ ૩. પૃ૦ ૬૭ )માં **સિદ્ધાન્તધર્મસાર** નામની એક કૃતિ નોંધી તેના આધારે ૫૦ જૈન શાસ્ત્રો ગણાવ્યા છે. એ કૃતિ અનુસાર આ તમામ શાસ્ત્રોના કલ્પસૂત્ર અને આગમ એમ બે વિભાગો પાડવામાં આવ્યા છે અને તેમાં કલ્પસૂત્રમાં પાંચ ગ્રંથો અને આગમ શાસ્ત્રોના ૪૫ ગ્રંથો નોંધાય છે. વળી આગમ ગ્રંથોના નીચે મુજબ આઠ વર્ગો પાડવામાં આવ્યા છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને **પાક્ષિકસૂત્ર** એ ચારનો મૂળસૂત્ર તરીકે ઉલ્લેખ કર્યો છે. એની નોંધ લેવી બસ થશે. આ પ્રમાણે અજૈન વિદ્વાનોનો મત છે. હવે આપણે જૈન વિદ્વાનોનો મત નોંધીશું. એ સંબંધમાં પ્રવર્તક શ્રીમત્ **કાંતિવિજયજી**ના શિષ્યરત્ન મુનિરાજ **ચતુરવિજયજી**નો મત નોંધવો બસ થશે. "લીંબડી જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર" એ નામના પુસ્તકના ત્રીજા પરિશિષ્ટ( પૃ. ૨૫-૨૬ )માં તેમણે જે ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી તેઓ મૂળસૂત્રો તરીકે **આવશ્યક, દશવૈકાલિક** અને **ઉત્તરાધ્યયન** એ ક્રમપૂર્વક ત્રણ જ ગ્રંથો ગણાવતા હોય અને **ઓઘનિર્યુક્તિ**નો **આવશ્યકમાં** સમાવેશ કરતા હોય એમ જણાય છે. **પિણ્ડનિર્યુક્તિ** વિષે તેમનો શો મત છે તે આ સૂચીપત્ર ઉપરથી જાણી શકાતું નથી, છતાં એમ માનવાને કારણ મળે છે કે તેઓ **દશવૈકાલિક**માં એનો સમાવેશ કરતા હોવા જોઇએ.

---

( ૧ ) ૧૧ અંગો, ( ૨ ) ૧૨ ઉપાંગો, ( ૩ ) ૪ મૂળસૂત્રો, ( ૪ ) ૫ કલ્પસૂત્રો. ( ૫ ) ૬ છેદ, ( ૬ ) ૧૦ પયન્નાઓ, ( ૭ ) નંદીસૂત્ર અને ( ૮ ) **અનુયોગદ્વારસૂત્ર.**

૧૧ અંગોનાં નામ અને ક્રમમાં ખાસ કશો ફેરફાર નથી, ૧૨ ઉપાંગોના ક્રમમાં ફેર છે એટલે કે **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ** અને **સૂર્યપ્રજ્ઞપ્તિ**ને અનુક્રમે પાંચમું, છઠ્ઠું અને સાતમું ઉપાંગ ગણાવેલ છે.

ચાર મૂળસૂત્રો તરીકે ( ૧ ) **આવશ્યકસૂત્ર,** ( ૨ ) **વિશેષાવશ્યકસૂત્ર,** ( ૩ ) **દશવૈકાલિકસૂત્ર** અને ( ૪ ) **પાક્ષિકસૂત્ર** ગણાવેલ છે.

પાંચ કલ્પસૂત્રો તરીકે ( ૧ ) **ઉત્તરાધ્યયનસૂત્ર,** ( ૨ ) **નિશીથસૂત્ર,** ( ૩ ) **કલ્પસૂત્ર,** ( ૪ ) **વ્યવહારસૂત્ર** અને ( ૫ ) **જીતકલ્પસૂત્ર** ગણાવેલ છે.

---

૭ છેદ તરીકે ( ૧ ) **મહાનિશીથબૃહદ્વાચના,** ( ૨ ) **મહાનિશીથલઘુવાચના.** ( ૩ ) **મધ્યમવાચના,** ( ૪ ) **પિંડનિર્યુક્તિ.** ( ૫ ) **ઓઘનિર્યુક્તિ** અને ( ૬ ) **પર્યુષણાકલ્પ** એવો ઉલ્લેખ કરાયેલ છે.

૧૦ પયન્નાઓ તરીકે ( ૧ ) **ચતુઃશરણસૂત્ર,** ( ૨ ) **પચ્ચક્ખાણસૂત્ર,** ( ૩ ) **ભક્તિપરિજ્ઞાનસૂત્ર,** ( ૪ ) **મહાપ્રત્યાખ્યાનસૂત્ર,** ( ૫ ) **તંડુલવૈતાલિકસૂત્ર.** ( ૬ ) **ચંદાવિજયસૂત્ર,** ( ૭ ) **ગણિવિજવાસૂત્ર,** ( ૮ ) **મરણસમાધિસૂત્ર.** ( ૯ ) **દેવેન્દ્રસ્તવનસૂત્ર** અને ( ૧૦ ) **સંસ્થારસૂત્ર**નો નિર્દેશ કરાયેલો છે.

આ પ્રમાણે અત્ર શુદ્ધાશુદ્ધ નામોવાળી અપાયેલી યાદીના સંબંધમાં ડૉ. **વેબરે** "Indischen studien ( પુ. ૧૭ )ના પૃ. ૮૬ તેમજ પૃ. ૨૨૬ અને ત્યારપછીનાં પૃષ્ઠમાં જર્મન ભાષામાં ઊહાપોહ કર્યો છે. આનો સાર અંગ્રેજીમાં " Indian Antiquary "માં અપાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ" તરફથી પ્રસિદ્ધ થયેલી **જૈનગ્રંથાવલી**મ નીચે મુજબની નોંધ કરાયેલી છે:—

"**આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, પિણ્ડનિર્યુક્તિ** જો કે **ઓઘ નિર્યુક્તિ**માં ગણાય છે પણ અહીં **ઓઘનિર્યુક્તિ, નંદિ,** તથા **અનુયોગદ્વાર** સાથે લઇ ગણત્રીની સહેલાઇ માટે સાત ગણાવ્યા છે."

આ પ્રમાણે જ્યારે ક્રમના સંબંધમાં એક મત જણાતો નથી તો પછી એન કારણમીમાંસામાં ઊંડા ઉતરી કયો ક્રમ ન્યાયસંગત છે તેનો નિર્ણય કરવો ઘટે એમ કરવા માટે **ઉત્તરાધ્યયન** આદિ ત્રણે ગ્રંથોના વાસ્તવિક સ્વરૂપની અને એ ગ્રંથોના રચના-સમયની સૂક્ષ્મેક્ષિકા આવશ્યક છે, પરંતુ એ વિષય એક સ્વતં અને સાંગોપાંગ ઊહાપોહની અપેક્ષા રાખે છે એટલે એને માટે અત્ર સ્થા નથી. એથી અહીં ફક્ત એ દિશામાં ગમન કરનારને માર્ગદર્શક થઇ પડે તેવ સામાન્ય રૂપરેખા આળેખવામાં આવે છે.

**ઉત્તરાધ્યયનસૂત્ર**ના કર્તા કોણ? એ પ્રશ્ન વિવાદગ્રસ્ત છે, કેમકે કેટલાક પ્ર **મહાવીરસ્વામીને** એના કર્તા તરીકે ઓળખાવે છે તો કેટલાક **ભદ્રબાહુ સ્વામીને,** અને કેટલાક **કપિલાદિ** ઋષિઓને એના કર્તા તરીકે ઓળખાવે છે **આવશ્યક**ના કર્તૃત્વ વિષે પણ મતભેદ છે. સદ્‌ભાગ્યે **દશવૈકાલિકસૂત્ર** માં તેમ નથી, કેમકે એના કર્તા શ્રી શય્યંભવસૂરિ નિર્ણીત છે. એના અંતમાં ચૂલિકાઓ જોવાય છે તે પાછળથી ઉમેરાયેલી અને અન્યકર્તૃક હોવા વિષે બે મ નથી. અત્ર એ પણ ધ્યાનમાં રાખવું ઘટે કે **આવશ્યકસૂત્ર**થી અમુક જ સૂ સમજવામાં આવે તો તેના કર્તૃત્વના પ્રશ્નની જટિલતા અમુક અંશે ઓછી થા ખરી, પરંતુ તે સર્વથા દૂર થાય કે કેમ એ વિચારણીય છે.

આ પ્રમાણે જ્યાં સુધી ખાસ કરીને **ઉત્તરાધ્યયન**ના કર્તા નક્કી ન થા ત્યાં સુધી બાકીના મૂળસૂત્રરૂપ ગ્રંથોના રચના-સમયની પૂર્વાપરતા નક્કી ન થઇ શ અને એ નક્કી ન થાય ત્યાં સુધી ત્રણ મૂળગ્રંથોનો કયો ક્રમ ન્યાયસંગત છે નક્કી ન થાય એ દેખીતી વાત છે એટલે ભવિષ્યમાં આ દિશામાં પ્રકાશ પાડવા અભિલાષા ધરાવતો અને એ દરમ્યાન પણ કોઇ વિદ્યાવ્યાસંગી વિદ્વાન આ વિ પ્રશ્નનો સંતોષકારક તોડ લાવવા ભાગ્યશાળી બને તો તેમને અત્યારથી મુબા બાદી આપતો હાલ તુરત હું અત્ર વિરમું છું.

**હીરાલાલ રસિકદાસ કાપડીઆ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તરરત્નમાળા સંક્ષેપ

શ્રી ચિદાનંદજી( કપૂરચંદજી )કૃત આ પ્રશ્નોત્તરરત્નમાળા વિવેચન સહિત શ્રી શાંતસુધારસ ભાવનાની સાથે શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મેસાણા તરફથી સં. ૧૯૬૭ માં છપાયેલ છે. તેમાંથી પ્રારંભના ને પ્રસ્તાવનાના ૬ ને ૭ દુહા પછી ૧૧૪ પ્રશ્નોના ૧૬ દુહા છે ને તેના ઉત્તરની ૩૯ ચોપાઇ છે. તે બધા પદ્યો હાલમાં શ્રી ચિદાનંદજીકૃત સર્વસંગ્રહના ભાગ બીજામાં છપાયેલ છે. તે ખાસ કંઠે કરવા લાયક છે. તેમાં પ્રશ્નોના ઉત્તરો બહુ ટૂંકામાં સરસ રીતે આપેલા છે તે વાચકવર્ગને માટે ઉપયોગી જાણી નીચે આપવામાં આવ્યા છે.

| | |
|---|---|
| ૧ દેવ કોને કહીએ ? | વીતરાગ અરિહંત તે દેવ. |
| ૨ ધર્મ કોને કહીએ ? | દયા છે મૂળમાં જેને તે ધર્મ. |
| ૩ ગુરુ કોને કહીએ ? | હિતના ઉપદેશક સુસાધુ તે ગુરુ. |
| ૪ સુખ કોને કહીએ ? | સંસાર પર ઉદાસીનતા તે સુખ. |
| ૫ દુઃખ કોને કહીએ ? | જન્મ–મરણરૂપ સંસારપરિભ્રમણ તે દુઃખ. |
| ૬ જ્ઞાન કોને કહીએ ? | આત્માનો બોધ તે જ જ્ઞાન. |
| ૭ અજ્ઞાન કોને કહીએ ? | આત્મસ્વરૂપને ન ઓળખવું તે જ અજ્ઞાન. |
| ૮ ધ્યાન શું ? | ચિત્તનિરોધ તે જ ઉત્તમ ધ્યાન. |
| ૯ ધ્યેય કોણ ? | વીતરાગ ભગવાન તે જ ધ્યેય. |
| ૧૦ ધ્યાતા કોણ ? | મુમુક્ષુ અને જૈન મતનો જ્ઞાતા તે ધ્યાતા. |
| ૧૧ માન કોને કહીએ ? | ભવ્યતાની પ્રાપ્તિ તે જ માન. |
| ૧૨ અપમાન કોને કહીએ ? | અભવ્યપણાની પ્રાપ્તિ તે જ અપમાન. |
| ૧૩ જીવ કોને કહીએ ? | ચેતના ( જ્ઞાન ) લક્ષણવાળો તે જીવ. |
| ૧૪ અજીવ કોને કહીએ ? | ચેતના રહિત તે અજીવ. |
| ૧૫ પુણ્ય કોને કહીએ ? | પરોપકાર તે જ પુણ્ય. |
| ૧૬ પાપ કોને કહીએ ? | પરજીવને પીડા ઉપજાવવી તે જ પાપ. |
| ૧૭ આશ્રવ કોને કહીએ ? | કર્મોનું આવવું તે આશ્રવ. |
| ૧૮ સંવર કોને કહીએ ? | કર્મોને આવતાં રોકવા તે સંવર. |
| ૧૯ નિર્જરા કોને કહીએ ? | બાર પ્રકારનો તપ તે નિર્જરા. |
| ૨૦ બંધ કોને કહીએ ? | કર્મોનું બંધાવું તે બંધ. |
| ૨૧ મોક્ષ એટલે શું ? | કર્મોથી મૂકાવું તે મોક્ષ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૨૨ હેય ( ત્યાજ્ય ) શું ? | પરપરિણતિ મમત્વાદિક તે હેય. |
| ૨૩ જ્ઞેય ( જાણવા યોગ્ય ) શું ? | સ્વસ્વભાવનું જ્ઞાન તે જ્ઞેય. |
| ૨૪ ઉપાદેય ( આદરવા યોગ્ય ) શું ? | આત્મિક ગુણોનો સમૂહ તે ઉપાદેય. |
| ૨૫ બોધ કોને કહીએ ? | મિથ્યાદૃષ્ટિનો રોધ તે બોધ. |
| ૨૬ અબોધ કોને કહીએ ? | મિથ્યાદૃષ્ટિપણું તે અબોધ. |
| ૨૭ વિવેકનું સ્વરૂપ શું ? | આત્મહિતની ચિંતા તે વિવેક. |
| ૨૮ અવિવેકનું સ્વરૂપ શું ? | આત્મહિતથી વિમુખતા તે અવિવેક. |
| ૨૯ ચતુર કોને કહીએ ? | પરભવનો સાધક તે ચતુર. |
| ૩૦ મૂર્ખ કોને કહીએ ? | કર્મબંધ વધારે તે મૂર્ખ. |
| ૩૧ રાજા કોને કહીએ ? | ખરો ત્યાગી તે જ રાજા. |
| ૩૨ રંક કોને કહીએ ? | અતિલોભી તે રંક. |
| ૩૩ ગુણવંત કોને કહીએ ? | ગુણનો રાગી તે ગુણવંત. |
| ૩૪ યોગી કોને કહીએ ? | જગત પર મમતા વિનાના તે યોગી. |
| ૩૫ યતિ કોને કહીએ ? | મન તથા ઇંદ્રિયોને જીતે તે યતિ. |
| ૩૬ સંત કોને કહીએ ? | સમતારસનો સમુદ્ર તે સંત. |
| ૩૭ મહંત કોને કહીએ ? | માન તજે તે મહંત. |
| ૩૮ શૂરવીર કોને કહીએ ? | કંદર્પને જીતે તે શૂરવીર. |
| ૩૯ કાયર કોને કહીએ ? | કામદેવનો તાબેદાર તે કાયર. |
| ૪૦ પશુ કોને કહીએ ? | અવિવેકી તે પશુ. |
| ૪૧ માનવ કોને કહીએ ? | જેના ઘટમાં આત્મજ્ઞાન હોય તે માનવ. |
| ૪૨ દેવ કોને કહીએ ? | દિવ્ય દૃષ્ટિને ધારણ કરે તે દેવ. |
| ૪૩ બ્રાહ્મણ કોને કહીએ ? | બ્રહ્મને ( આત્માને ) પીછાને તે બ્રાહ્મણ. |
| ૪૪ ક્ષત્રિય કોને કહીએ ? | કર્મરિપુને વશ કરે તે ક્ષત્રિય. |
| ૪૫ વૈશ્ય કોને કહીએ ? | હાનિ-વૃદ્ધિને સમજે તે વૈશ્ય. |
| ૪૬ શૂદ્ર કોને કહીએ ? | ભક્ષાભક્ષના વિવેકવિનાનો તે શૂદ્ર. |
| ૪૭ અસ્થિર કોને કહીએ ? | સંસારનું સ્વરૂપ તે જ અસ્થિર. |
| ૪૮ સ્થિર કોને કહીએ ? | હિતકારી જૈનધર્મ તે સ્થિર. |
| ૪૯ છિલ્લર જળ કોને કહીએ ? | ઇંદ્રિયોના સુખ તે છિલ્લર જળ. |
| ૫૦ અગાધ કોને કહીએ ? | અતીંદ્રિય બોધ તે અગાધ. |
| ૫૧ તપ કોને કહીએ ? | ઇચ્છાનો રોધ કરવો તે તપ. |
| ૫૨ જપ કોને કહીએ ? | નવકાર મંત્રનો જાપ કરવો તે જપ. |
| ૫૩ સંયમ કોને કહીએ ? | આત્મભાવમાં સ્થિરતા તે સંજમ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૫૪ ચોર કોને કહીએ ? | છતી શક્તિ ગોપવે તે ચોર. |
| ૫૫ સાધુપુરુષ કોને કહીએ ? | શિવસુખના સાધક તે સાધુ. |
| ૫૬ જગતમાં અતિ દુર્જય શું ? | મનની ગતિ અતિ દુર્જય. |
| ૫૭ અધિક કપટ ક્યાં હોય ? | અધિક કપટ સ્ત્રી જાતિમાં હોય. |
| ૫૮ નીચ કોને કહીએ ? | પારકો દ્રોહ કરે તે નીચ. |
| ૫૯ ઉચ્ચ કોને કહીએ ? | પારકી નિંદા ને વિકથા ન કરે તે ઉચ્ચ. |
| ૬૦ ઉત્તમ કોને કહીએ ? | કનક અને પાષાણને સમાન જાણે તે ઉત્તમ. |
| ૬૧ અતિપ્રચંડ અગ્નિ કયો ? | અતિ પ્રચંડ અગ્નિ ક્રોધ. |
| ૬૨ દુર્દમ એવો હસ્તિ કોણ ? | દુર્દમ હસ્તિ તે માન. |
| ૬૩ આ જગતમાં વિષવેલી કોને કહીએ ? | આ જગતમાં માયા જ વિષવેલી છે. |
| ૬૪ મહાપ્રબળ સાગર કોને કહીએ ? | લોભ સમાન બીજો કોઈ મહાસાગર નથી. |
| ૬૫ સર્વદા કોનાથી ડરવું ? | સર્વદા નીચના સંગથી ડરવું. |
| ૬૬ કોને જઇને ઉતાવળે મળવું ? | સંતપુરુષને ઉતાવળે જઇને મળવું. |
| ૬૭ કોની સંગતથી ગુણમાં વૃદ્ધિ થાય ? | સાધુના સંગથી ગુણમાં વૃદ્ધિ થાય. |
| ૬૮ કોની સંગતથી આબરૂ જાય ? | દુર્જનના સંગથી જગતમાં આબરૂ જાય. |
| ૬૯ ચપળા જેવું ચંચળ શું ? | મનુષ્યનું આયુ ચપળા જેવું ચંચળ છે. |
| ૭૦ મેરુ જેવું અચળ શું ? | જગતમાં એક પ્રભુનું નામ જ અચળ છે. |
| ૭૧ ત્રણ ભુવનમાં સાર શું ? | ત્રિભુવનમાં સારભૂત એક ધર્મ જ છે. |
| ૭૨ અસાર વસ્તુ કોને કહીએ ? | તન ધન યૌવન એ સર્વ અસાર છે. |
| ૭૩ નરકનું દ્વાર શું ? | નરકનું દ્વાર નારી છે. |
| ૭૪ અંધ કોણ ? | અંતર્લક્ષવિનાનો તે અંધ. |
| ૭૫ બધિર કોણ ? | જે હિતશિક્ષા ન સાંભળે તે બધિર. |
| ૭૬ મૂક ( મુંગો ) કોણ ? | અવસરોચિત બોલી ન જાણે તે મૂક. |
| ૭૭ માતા કોણ ? | દયા તે જગત્ જનની છે. |
| ૭૮ પિતા કોણ ? | એક ધર્મ જ પાલન કરનાર પિતા છે. |
| ૭૯ શત્રુ કોણ ? | મોહ સમાન અન્ય કોઇ મોટો શત્રુ નથી. |
| ૮૦ મિત્ર કોણ ? | સુખ વખતે જગત સઘળું મિત્ર છે; દુઃખ વખતે એક ધર્મ જ મિત્ર છે. |
| ૮૧ પંડિત કોણ ? | પાપથી ડરે તે પંડિત. |
| ૮૨ મૂર્ખ કોણ ? | હિંસા કરે તે મૂર્ખ. |
| ૮૩ સુખી કોણ ? | સંતોષી સર્વદા સુખી. |
| ૮૪ દુઃખી કોણ ? | અતિ તૃષ્ણાવાળો તે મહાય દુઃખી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૮૫ ભય વિનાનો કોણ ? | વિષયાતીત મનુષ્ય તે નિર્ભીક. |
| ૮૬ મોટો ભય કયો ? | મરણ તે જ મોટો ભય. |
| ૮૭ જરા કોને કહીએ ? | પંથ કરવો તે જ જરા. |
| ૮૮ પ્રબળ વેદના કઇ ? | ક્ષુધા તે જ પરમ વેદના. |
| ૮૯ વક્ર કિશોર જેવું શું ? | ઇંદ્રિયો ને મન તે જ વક્ર કિશોર. |
| ૯૦ કલ્પવૃક્ષ કોને કહીએ ? | સંયમ તે જ કલ્પવૃક્ષ. |
| ૯૧ ચિંતામણિરત્ન કોને કહીએ ? | અનુભવજ્ઞાન તે ચિંતામણિ. |
| ૯૨ કામધેનુ કોને કહીએ ? | શ્રેષ્ઠવિદ્યા તે જ કામધેનુ. |
| ૯૩ ચિત્રાવેલી કોને કહીએ ? | દેવગુરુની ભક્તિ તે જ ચિત્રાવેલી. |
| ૯૪ શું સાધવાથી દુઃખ જાય ? | સંયમની સાધનાથી દુઃખમાત્ર જાય. |
| ૯૫ કાનની શોભા શું ? | જિનવાણીનું શ્રવણ. |
| ૯૬ નેત્રની શોભા શું ? | જિનબિંબના દર્શન. |
| ૯૭ મુખની શોભા શું ? | સત્ય વચન. |
| ૯૮ હાથની શોભા શું ? | સુપાત્રાદિ દાન. |
| ૯૯ ભુજાની શોભા શું ? | સંસારને તરવો તે. |
| ૧૦૦ હૃદયની શોભા શું ? | નિર્મળ નવપદનું ધ્યાન. |
| ૧૦૧ કંઠની શોભા શું ? | પ્રભુના ગુણરૂપી મુક્તામાળા. |
| ૧૦૨ ભાળની શોભા શું ? | સદ્દગુરુના ચરણમાં મસ્તક નમાવવું તે. |
| ૧૦૩ જગતમાં મોટી જાળ કઇ ? | મોહજાળ. જેમાં જગત અટવાયું છે. |
| ૧૦૪ પાપનું મૂળ શું ? | લોભ ( અતિલોભ તે પાપનું મૂળ ). |
| ૧૦૫ રોગનું કારણ શું ? | રસેંદ્રિયમાં આસક્તિ. |
| ૧૦૬ દુઃખનું મૂળ શું ? | સ્વજનાદિ પરનો સ્નેહ. |
| ૧૦૭ જગતમાં પવિત્ર કોણ ? | માયાભાવ વિનાના મનુષ્ય. |
| ૧૦૮ જગતમાં અપવિત્ર વસ્તુ કઇ ? | સાત ધાતુથી ભરેલું આ શરીર. |
| ૧૦૯ અમૃત કોને કહીએ ? | અધ્યાત્મયુક્ત વાણી. |
| ૧૧૦ વિષ કોને કહીએ ? | પાપવાર્તા તે જ મહાવિષ છે. |
| ૧૧૧ સુસંગ કોને કહીએ ? | જેની પાસે બેસવાથી પરમાર્થની પ્રાપ્તિ થાય |
| ૧૧૨ કુસંગ કોને કહીએ ? | જેની પાસે બેસવાથી અપલક્ષણ આવે તે. |
| ૧૧૩ પતંગના રંગ સમાન શું ? | દુર્જનનો સ્નેહ. |
| ૧૧૪ મજીઠના રંગ સમાન શું ? | સજ્જનનો સ્નેહ. |

સં૦ કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર–કૌશલ્ય

લેખક—મૌક્તિક

(૯૩)

**"તમે બરાબર ભીંસણમાં આવી જાઓ અને દરેક બાબત તમારી વિરુદ્ધ દેખાતી હોય. તમને લાગતું હોય કે હવે તો એક ક્ષણ પણ વધારે નભાવાય તેમ નથી ત્યારે તમે તમારી મુદ્દામ બાબતને કદી છોડશો નહિ; કારણ કે તે વખત અને સ્થળ એવાં છે કે જ્યારે ઓટનું ચક્કર પૂરું થઇ ભરતીની શરૂઆત થાય."**

જીવનની ઘડીઓ ઓર ઓર પ્રકારની આવે છે અને જાય છે. કોઇ વખત બાગમાં અને કોઇ વખત જંગલમાં, કોઇ વાર મેદાનેજંગમાં અને કોઇ વાર ઊંડી ખીણમાં, કોઇ વાર શિખર પર અને કોઇ વાર જમીન પર રગદોળાતાં એવા પરિવર્તનમય સંસારમાં કોઈ વખત મહાન આફતમાં આવી ગયા તો તેથી થઈ શું ગયું? જીવનમાં આફતો આવે છે, વાદળાં ચઢે છે, ચારે તરફ ઝંઝાવાત દેખાય છે અને ફેલાયલી ધુમસમાંથી રસ્તો દેખાતો નથી. આવી સ્થિતિ થાય ત્યારે પણ હિંમત હારવી નહિ, મનમાં વિચારવું કે 'એ દિવસ પણ જશે.' આખી જિંદગી સુધી રાતની રાત રહેતી નથી, રાત પછી દિવસ આવે છે અને પ્રભાત થશે ત્યારે પક્ષીઓ કીલકીલારવ કરી મૂકશે અને નોબતો ગડગડશે. રાત બેસી રહેવાની નથી તેમ મૂંઝવણ સદાકાળ ચાલુ રહેવાની નથી. ભયંકર દરિયામાં પણ પાટિયું મળી જાય છે અને જ્યાં ચોતરફ ઘોર અંધકાર વ્યાપ્યો હોય છે ત્યાં પણ કોઇ તારણહાર કે માર્ગદર્શક જરૂર મળી આવે છે. આ દુનિયાનો જાણીતો ક્રમ છે અને એ આશાતંતુ ઉપર જ જીવન નિર્ભર થાય છે. પોતાની અગવડો કે ઉપાધિને ગણ્યા કરીએ તો તો એનો પાર આવે તેમ નથી અને એક પૂરી થાય ત્યાં બીજી તૈયાર જ હોય છે.

ખરી વાત એ છે કે પ્રભાત તો જરૂર થવાનું જ છે. માત્ર આપણે જાણતા નથી કે પો ક્યારે ફાટશે? કદાચ આપણે તદ્દન હતાશ થઇ ન કરવાનું કરી બેસવાની તૈયારીમાં હોઇએ અથવા વાત છોડી દેવાના લગભગ નિર્ણય પર આવી ગયા હોઇએ તેની બીજી જ પળે સંયોગો સુધરી જવાના હોય છે. માટે આ જીવનમાં કદી હારીને બેસી જવું નહિ, સુનિશ્ચિત નિર્ણયો ફેરવવા નહિ અને મુદ્દાસરના સાધ્યને ચૂકવું નહિ. ક્યાંથી પ્રકાશ આવશે અને ક્યારે પક્ષીઓ પ્રભાતનું ગાન આદરશે એ આપણે જાણતા નથી, પણ પ્રભાત જરૂર થવાનું છે. કદાચ બહુ જ નજીકના સમયમાં થવાનું હોય છે; માટે હિંમત હારીને બેસી ન જવું. સર્વ વસ્તુ સુધારનાર 'કાળ'–સમય છે, અને વખત જતાં સર્વ સારા મળશે તેથી હતાશ થઇ વિપરીત કરી નાંખવું એનો પણ શો અર્થ છે? કોઇ જગ્યાએ તારે માટે પલંગ પાથરી રાખ્યા છે એવી ખાત્રી હોય કે મુશ્કેલીવાળી બાબતનો અન્ય રીતે નિકાલ થવાની તને કોઇ ખાત્રી (ગેરંટી) આપતું હોય તો તને ફાવે તેમ કર. બાકી

For Private And Personal Use Only

આવી વાત તો એ છે કે મુસીબતને માણવાના [illegible]. એમાં પણ મઝા છે અને એમાંથી નીકળી આવવાના પ્રયાસમાં ખરું પુરુષાતન છે. [illegible] સૌ પાકું માટે એમાં વિશેષતા નથી; ખરી કુશળતા અંતરથી પર્વત ગર્જનાના વચ્ચે થડકયા વગર ઊભા રહેવામાં અથવા આગળ વધવામાં છે. એમાં આત્મબળ છે. એમાં જીવનના પરાક્રમો છે. એમાં નૈસર્ગિક ઉન્નત ભાવ છે.

"When you get into a tight place, and everything goes against you till it seems as if you could not go on a minute longer, never give up them, for that's just the place and time that the tide will turn."

H. B. STOVE. ( 8-1-35. )

( ૯૪ )

"ખરેખર સાચું-વ્યાજબી શું છે તે વાતની સ્પષ્ટ ચોખવટ કર; તું તે કરી શકે તેમ છે કે નહિ તે જુદી વાત છે. વિચારસ્પષ્ટતા પછી બરાબર પ્રયત્ન કરીશ તો હરરોજ તે કરવાને માટે વધારે ને વધારે શક્તિ પ્રાપ્ત કરીશ."

સાચું જાણવું, સાચાને સાચા તરીકે ઓળખવું અને ઓળખીને તેને ધારણ કરી રાખવું એ ખાસ મહત્ત્વની વાત છે. ઘણાખરા માણસોમાં તો વિચારની સ્પષ્ટતા જ હોતી નથી. એને પોતાની જાત પર વિશ્વાસ જ એટલો ઓછો હોય છે કે આ સાચું હશે કે તે એની ઘડભાંજમાં એ અટવાયા કરે છે; માટે પોતાને છેવટે હિત કરનાર શું છે? સમાજને હિત કરનાર શું છે? અને પ્રગતિસાધક શું છે? એનો બરાબર નિર્ણય કરવો. સંક્ષેપમાં કહીએ તો દરેક મનુષ્યે પોતાના આદર્શની સ્પષ્ટતા કરવી. પોતાને કેવા થવું છે એનો નિર્ણય હોય તો હરરોજ બનતા નવા નવા પ્રસંગોમાં પોતાનો આદર્શ ( પુરુષ-વ્યક્તિ ) કેમ વર્તે? એ સવાલ અંતરાત્માને પૂછી વર્તનનો નિર્ણય કરી શકાય.

સાચું અને વ્યાજબી શું છે? એ વાતનો નિર્ણય કરતી વખતે પોતે તે પ્રમાણે કરી શકશે કે નહિ? તે વાતને વચ્ચે ન લાવવી. સાચું તો ત્રણ કાળમાં સાચું જ રહેવાનું છે. આપણે તેમ ન કરી શકીએ તેથી સાચું ખોટું થતું નથી અને વ્યાજબી હોય તે ગેરવ્યાજબી થતું નથી. આપણે સાચા ખોટાનો નિર્ણય એની નૈસર્ગિક મૂલ્યતા પર કરવો અને ત્યારપછી એ નિર્ણયને ધારણ કરી રાખવો. બનવાજોગ છે કે આપણે સાચાને વળગી રહેવાને શક્તિમાન ન હોઈએ. આપણા સંયોગો આપણને પામર બનાવી દેતા હોય, આપણું ધૈર્ય એટલી હદ સુધી વધેલું ન હોય; છતાં વિચારની સ્પષ્ટતા હશે તો આપણા આદર્શને પહોંચી વળવા થોડી ઘણી તાકાત પણ આપણે જરૂર પ્રાપ્ત કરશું.

વિચારસ્પષ્ટતા પછી તો માત્ર અંદરની શક્તિનો જ સવાલ રહે છે; અને આત્મા તો અનંત શક્તિનો ધણી છે. એણે મન પર ધાર્યું કે અમુક કામ તેનું કર્તવ્ય છે તો પછી એક [illegible] મન મક્કમ [illegible] છે અને દુઃખ કે પતન તેના પગ નીચે અટવાય છે. એણે નિર્ણ

નત પર હોય તો એ કામ પહેલું. થોડું પણ આગળ જરૂર વધવાનું જ. કદાચ દુનિયામાં ન થાય તો પણ એ કરવાની પ્રમાણિક ઇચ્છાને એની નજીક નજીક તો સર્વદા જવાનું બનશે જ. સત્ય બોલવું એવો નિર્ણય કરો અને પછી જુઓ કે એ આદર્શે પહોંચતાં કેટલી વાર લાગે છે? દુકાન પર "એક જ ભાવ" રાખો અને પછી જુઓ કે તમારામાં કેટલી તાકાત આવી જાય છે. વાત એટલી જ છે કે તમારા વિચારની સ્પષ્ટતા હોવી જોઇએ, તમારી સાચા ખોટાની તુલના કરવાની શક્તિ અંકુરિત હોવી જોઇએ અને તમને તમારી જાતિમાં પૂરો વિશ્વાસ હોવો જોઇએ. કુશળ મનુષ્ય સાચા આદર્શને વિવેકથી સમજે અને તેને પ્રાપ્ત કરવા–તેને પહોંચવા નિરંતર ઉદ્યમશીલ રહે. અંતે વિજય તેનો છે.

---

"Only be clear about what is finally right, whether you can do it or not; and every day you will be more and more able to do it if you try."
T. RUSKIN. ( 25-9-35. )

## ( ૯૫ )

## " ભવિષ્યમાં શું થવાનું છે તેની પડપૂછ કરવાનું છોડી દે; અને આજે તને જે મળે છે તે ગનીમત છે એમ ધાર. "

જો ભવિષ્ય સાચે સાચું જાણી શકાતું હોય તો ઘણાખરાને માટે આ જિંદગીમાં રસ લેવા જેવું કાંઇ રહે નહિ. શું થશે તેનું અજ્ઞાન અને અચોક્કસપણું–એમાં જ જીવનની મોજ છે. આશાના તંતુ પર જીવન લટકી રહે છે. એક ટીપું મધ ચાખ્યા પછી મધ મળ્યા કરશે એવી આશામાં પ્રાણી લટક્યા કરે છે. આ જીવનમાં બધા સરવાળા બાદબાકી પૂરા કરનારને માટે ભવિષ્યનું અજ્ઞાન એ જ બહુ સારું છે. એમ ધારો કે સાચો જોશી મળી આવે અને જણાવે કે છ માસમાં તમારું મૃત્યુ થવાનું છે! તો શું પરિણામ થાય? જે મેલા ( ખરખરાના પત્રો ) મરી ગયા પછી લખાય છે તે પહેલેથી લખાય. અને લોક-સગાસંબંધીઓ પહેલેથી કાણે આવે તેમજ ભાઇશ્રી પોતે પણ છ મહિના મહાદુર્ધ્યાનમાં જ ગાળે. એના દુર્ધ્યાન–આંતરક્લેશનું ચિત્ર દોર્યું હોય તો કરુણરસનો એક નમૂનો થઇ પડે.

માટે ભવિષ્ય જાણવાની ખટપટમાં પડવા જેવું નથી. એમાં કાંઇ મઝા નથી, એમાં કાંઇ રસ નથી. 'આજનો લાહો લીજીએ રે, કાલ કોણે દીઠી છે?' વ્યવહારમાં તેમજ ધર્મમાં, બાહ્ય તેમજ આંતરમાં આ વાત સાચી છે એમ ચોક્કસ માનવું. જો ભવિષ્ય સાચાં પડતાં હોય અથવા દવા અકસીર થઇ શકતી હોય તો 'જોશીનાં છોકરાં રંડે નહિ ને વૈદના મરે નહિ' પણ એમ થતું નથી. એ બતાવે છે કે એમાં કાંઇ તત્ત્વ જેવું છે નહિ. અને તું વિચાર કરીશ તો તને તો ઘણું મળ્યું છે. શું નથી મળ્યું એનો કકળાટ કરવા કરતાં શું મળ્યું છે તેનો સરવાળો કરીશ તો તને આશ્ચર્ય થશે. પંચેન્દ્રિય પણું, મનુષ્યનો અવતાર, આર્યદેશ, ધર્મની સાનુકૂળતા, સમજવાની શક્તિ આદિ અનેક વસ્તુઓ મળી છે, શરીરનું સ્વાસ્થ્ય અને તે ઉપરાંત તને ઘર, સ્ત્રી, પરિવાર, વ્યાપાર વિગેરે જે મળ્યું છે તેનો વિચાર કર. એની સાથે આજે જે મળે તેમાં સંતોષ માન.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મહાન્ સત્યવાદી રાજા યુધિષ્ઠિરે વનવાસના વખતમાં એક યક્ષને આપેલા ઉત્તરો

( ઉત્તરો ઉપરથી પ્રશ્ન શું હશે ? તે વાચકો સ્વયં વિચારી લેશે. )

૧ વેદનો અભ્યાસ કરવાથી મનુષ્ય **શ્રોત્રીય** થાય છે.

૨ તપસ્યાથી **મહત્તા** પ્રાપ્ત કરે છે.

૩ ધૈર્ય રાખવાથી બીજા **સહાયક** બની જાય છે.

૪ વૃદ્ધોની સેવા કરવાથી મનુષ્ય **બુદ્ધિમાન્** થાય છે.

૫ શાસ્ત્રાનુસાર કરેલાં કર્મ નિત્ય **ફળ** આપે છે.

૬ મનને વશ રાખવાથી મનુષ્ય કદી પણ **શોકનો શિકાર** બનતો નથી.

૭ સત્પુરુષો સાથેની **મિત્રતા** જીર્ણ થતી નથી.

૮ માનના ત્યાગથી મનુષ્ય સર્વને **પ્રિય** થાય છે.

૯ ક્રોધના ત્યાગથી **શોકરહિત** થાય છે

૧૦ કામનાના ત્યાગથી **અર્થની સિદ્ધિ** થાય છે.

૧૧ લોભના ત્યાગથી જીવ **સુખી** થાય છે

૧૨ સ્વધર્મના પાલનનું નામ જ **તપ** છે

૧૩ મનને વશ કરવું તે જ **દમ** છે.

૧૪ સહન કરવું તેનું નામ જ **ક્ષમા** છે

૧૫ અકાર્યથી વિમુખ થઇ જવું તે **લજ્જા** છે.

૧૬ તત્ત્વને યથાર્થ રૂપમાં જાણવા તે જ **જ્ઞાન** છે.

૧૭ ચિત્તનો શાંતભાવ તે જ **શમ** છે

૧૮ સર્વને સુખી જોવાની ઇચ્છા તેનું નામ જ **આર્જવ** છે.

૧૯ ક્રોધ મનુષ્યનો જબરો **વૈરી** છે.

---

મનોરથ ભટ્ટની ખાડ તો પૂરાવાની નથી, પણ સંતોષ સમું સુખ નથી. જે મળે તેમાં આનંદ માનવો અને મળ્યું હોય તેનું મૂલ્ય સમજી તેને માટે અહોભાગ્ય માનનારને આખી જીવનયાત્રામાં મોજ છે. ભવિષ્ય માટે તો જે થશે તે જોયું જશે અને પડશે તેવા દેવાશે. શાંતિથી આનંદ માનનારને સર્વ સંયોગોમાં મોજ છે અને ભવિષ્યની આપત્તિની કલ્પના કરીને કકળાટ કરનારને નવ નિધિ કે અષ્ટ મહાસિદ્ધિ પ્રાપ્ત થઇ હોય તો પણ એને ભાગે તો નિસાસા અને દુઃખના જ દહાડા છે.

સમજુ માણસે ભવિષ્ય જાણવાની ખટપટમાં પડવા જેવું નથી. સારું હોય તો કંઇ લાભ વધી જતો નથી અને ખરાબ હોય તો આવતી કાલની આફત આજથી શરૂ થઇ જાય છે. જે છે તે ઘણું છે, ખવરાવ્યું તે ખાવું સમજવાનું છે અને વખત આવે સર્વને ચાલ્યું જવાનું છે. તેમાં આનંદ માન અને તારી આંતરપ્રગતિ માટે તારા આવડત અને અનુકૂળતાનો ઉપયોગ કર.

---

"Cease to inquire what the future has in store, and takes as gift whatever the day brings forth."

S. V. 8-3-35.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ લોભ જ અસીમ **વ્યાધિ** છે.

૨૧ જે સર્વ જીવોના હિતમાં રક્ત છે તે જ **સાધુ** છે.

૨૨ જે નિર્દય છે તે **અસાધુ** છે.

૨૩ ધર્મપાલનમાં મૂઢતા તે જ **મોહ** છે.

૨૪ અભિમાન તે **માનનું** બીજું રૂપ છે.

૨૫ ધર્મ–કાર્યમાં **અકર્મણ્યતા** તે જ આળસ્ય છે.

૨૬ શોક કરવો તે જ **મૂર્ખતા** છે.

૨૭ સ્વધર્મમાં સ્થિર રહેવું તે જ **સ્થિરતા** છે.

૨૮ ઈંદ્રિયોનો નિગ્રહ કરવો તે જ **ધૈર્ય** છે.

૨૯ મનના મેલનો ત્યાગ કરવો તે જ **સ્નાન** છે.

૩૦ પ્રાણીઓની રક્ષા કરવી તે જ **દાન** છે.

૩૧ ધર્મના જાણનાર તે જ **પંડિત** છે.

૩૨ ધર્મથી અજાણ તે જ **મૂર્ખ** છે.

૩૩ જન્મમરણરૂપ સંસારને પ્રાપ્ત કરાવનારી વાસનાનું નામ જ **કામ** છે.

૩૪ બીજાની ઉન્નતિ દેખીને જે મનમાં સંતાપ થાય છે તે જ **મત્સર** છે.

૩૫ અહંકાર તે જ મહા **અજ્ઞાન** છે.

૩૬ મિથ્યા ધર્માચરણ દેખાડવું તે જ **દંભ** છે.

૩૭ બીજાના દોષો દેખવા તે જ **પિશુનતા** છે.

૩૮ પ્રિય વચન બોલનાર લોકોને પ્રિય થાય છે.

૩૯ વિચાર કરીને કાર્ય કરનારા પ્રાયે **વિજય** જ પામે છે.

૪૦ મિત્રોની સંખ્યા વધારવાવાળો સુખપૂર્વક રહે છે.

૪૧ પ્રાણી પ્રતિદિન **મૃત્યુની** સન્મુખ ગતિ કરે છે.

૪૨ ધર્મમાં રક્ત મનુષ્ય **સદ્‌ગુણોને** પ્રાપ્ત કરે છે.

૪૩ અન્યના મૃત્યુને જોયા છતાં મનુષ્ય સ્થિર રહેવા ઇચ્છે છે તેથી વધારે **આશ્ચર્ય** શું છે?

૪૪ જેને પ્રિય–અપ્રિય, સુખ–દુઃખ, ભૂત-ભવિષ્ય વિગેરે સમાન છે તે જ નિઃસંદેહ સર્વથી વધારે **ધનવાન** છે.

ઉપર પ્રમાણેના ઉત્તરો સાંભળીને પ્રસન્ન થયેલા યક્ષે યુદ્ધિષ્ઠિરને વર માગવા કહ્યું ત્યારે યુદ્ધિષ્ઠિરે કહ્યું કે–' હું આપના દર્શનથી જ કૃતાર્થ થયો છું તેથી મારે કાંઈ પણ ઇચ્છા નથી; છતાં આપ જે આપશો તે હું મસ્તકે ચડાવીશ. બાકી મને તો આપ એવો વર આપો કે–હું કામ, ક્રોધ, લોભ, મોહ વિગેરે આંતરશત્રુને નિરંતર જીતી લઉં, અને મારું મન દાન, ધ્યાન, તપ અને સત્યમાં નિરંતર તત્પર રહે.' યક્ષે કહ્યું કે–' એ ગુણો તો તમારામાં વિદ્યમાન છે, વળી હું તે ગુણ આપી શકું તેમ પણ નથી છતાં તમે જે જે ગુણો માગ્યા છે તે નિરંતર તમને પ્રાપ્ત થાઓ.' આ પ્રમાણે કહીને યક્ષ અંતર્ધાન થઈ ગયો. [ કલ્યાણ–ફાગણ ]

સં. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર-શા. પુંજીરામ અમથારામ-આજોલ. )

**પ્રશ્ન ૧**—કેવળજ્ઞાની પ્રતિક્રમણ કરે ?

**ઉત્તર**—ન કરે.

**પ્રશ્ન ૨**—તીર્થંકર દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન થયા અગાઉ પ્રતિક્રમણ કરે ?

**ઉત્તર**—ન કરે. તીર્થંકર કલ્પાતીત છે તેથી તેમને જરૂર નથી.

**પ્રશ્ન ૩**—હાલ વપરાતા ખાંડના બૂરાની મીઠાઇ સાધુ વહોરી શકે ? અને તેના બનાવેલા નૈવેદ્ય પ્રભુ પાસે ધરાય ?

**ઉત્તર**—જો ચોમાસા અગાઉ ખાંડનું બૂરૂં કઢાવ્યું હોય તો તેની મીઠાઇ માટે બાધ જણાતા નથી.

**પ્રશ્ન ૪**—જીવો અહીંથી મોક્ષે ગયા કરે તો અહીં જીવલોક ખાલી થઇ ન જાય ?

**ઉત્તર**—અહીંથી જેટલા જીવ મોક્ષે જાય તેટલા અવ્યવહારરાશિમાંથી નીકળીને વ્યવહારરાશિમાં આવે છે. અનંતે કાળે પણ સર્વ જાતિના જીવોના સમુદાય પ્રાયે તેવા ને તેવા જ રહે છે.

**પ્રશ્ન ૫**—મુનિરાજને ભણાવવા રાખેલ પંડિતનો પગાર જ્ઞાનખાતામાંથી આપતાં દોષ લાગે ?

**ઉત્તર**—દોષ ન લાગે, ખુશીથી અપાય.

**પ્રશ્ન ૬**—શ્વેતામ્બર માન્યતાનુસાર તીર્થંકરની માતા ૧૪ સ્વપ્ન દેખે છે, દિગંબરો ૧૬ કહે છે તેનું શું કારણ ?

**ઉત્તર**—એવા અનેક ભેદો દિગંબરો સાથે છે તેનું કારણ તેમણે રચેલા શાસ્ત્રો જ જુદા છે તે છે.

**પ્રશ્ન ૭**—દિગંબરો સામાયિક ૧૫ મિનિટનું કહે છે, આપણે ૪૮ મિનિટનું કહીએ છીએ તેનું કારણ શું ?

**ઉત્તર**—તે બાબત પણ ઉપર પ્રમાણે સમજવી.

**પ્રશ્ન ૮**—કરેમિ ભંતેમાં સામાયિક માટે જાવનિયમં શબ્દ કહેલ છે તેનો તાત્પર્ય ૪૮ મિનિટ પ્રમાણ કયા ગ્રંથમાં કહેલ છે ?

**ઉત્તર**—અનેક ગ્રંથોમાં કહેલ છે. શ્રાદ્ધવિધિ, અર્થદીપિકા વિગેરેમાં જુઓ

**પ્રશ્ન ૯**—અષ્ટાપદ પર્વત ક્યાં છે ?

**ઉત્તર**—તેનું સ્થાન આ પૃથ્વી પર હતું, અત્યારે તેનું સ્થાન લક્ષ્ય નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૧૦**—ગુરુમહારાજ હયાત છતાં શિષ્યના અગ્નિસંસ્કાર સ્થાનકે તેની દેરી કરી શકાય ?

**ઉત્તર**—કરી શકાય ને પગલાં સ્થપાય.

**પ્રશ્ન ૧૧**—સિદ્ધાચળ ઉપર આદીશ્વર પ્રભુ સમવસર્યા ત્યારે ત્યાં જિનમંદિર હતા ?

**ઉત્તર**—નહોતા; પ્રથમ ભરતચક્રીએ જ કર્યા.

**પ્રશ્ન ૧૨**—સિદ્ધાચળ ઉપર ઇંગારશા પીરની કબર છે તે કેમ કરેલ છે ?

**ઉત્તર**—એક બીપાઇ ત્યાં મરણ પામેલ તે વ્યંતર થતાં તેની શાંતિ માટે અને તીર્થને ઉપદ્રવ ન કરતાં શાંતિમાં સહાય કરે તેટલા માટે દીર્ઘ-દૃષ્ટિવાન આગેવાન જૈનોએ તેની કબર કરી જણાય છે.

**પ્રશ્ન ૧૩**—જમીનની અંદરથી કોઇ પણ સ્થાનકેથી નીકળેલી જિનપ્રતિમા પૂજિત થઇ શકે ? પૂજિત કરવા માટે કાંઇ ક્રિયા કરવી પડે ?

**ઉત્તર**--પૂજિત થઇ શકે પરંતુ અખંડિત હોવી જોઇએ અને તેને માટે ૧૮ સ્નાત્રાદિ ક્રિયા કરવી જોઇએ; પછી પૂજી શકાય.

**પ્રશ્ન ૧૪**—ખંડિત થયેલ પ્રતિમા પૂજી શકાય કે નહીં ? ન પૂજી શકાય તો સહજ ખંડિત ન પૂજાય કે અંગખંડિત ન પૂજાય ?

**ઉત્તર**—અંગખંડિત હોય તે ન પૂજાય. મસ્તક છૂટું પડેલ હોય તો સર્વથા ન પૂજાય. બીજા અંગ માટે અલ્પ વિશેષનું વિવેચન તે વિષયના સમજ-નાર સાથે કરીને પછી પૂજિત રાખવી.

**પ્રશ્ન ૧૫**--ગઇ ચોવીશીના દામોદર નામના પ્રભુના મુખથી પોતાનો ઉદ્ધાર શ્રી પાર્શ્વનાથપ્રભુના વખતમાં થનાર જાણીને અશાઢી શ્રાવકે જે પ્રતિમા ભરાવી તે હાલ ક્યાં છે ?

**ઉત્તર**—તે પ્રતિમા હાલ શંખેશ્વર ગામમાં બિરાજે છે અને શંખેશ્વર પાર્શ્વનાથના નામથી એ તીર્થ પ્રસિદ્ધ થયેલ છે.

**પ્રશ્ન ૧૬**—મુખ્ય મંદિર ફરતા બાવન જિનાલય કરવાનો હેતુ શું ? અને તેની સંખ્યા બાવનની જ કેમ ?

**ઉત્તર**—ફરતી નાની નાની દેરીઓમાં જુદા જુદા શ્રાવકો સારી રીતે ભક્તિ કરી શકે તે માટે ફરતી દેરીઓ કરાવવી તે કારણ જણાય છે. તેની સંખ્યા શ્રી નંદીશ્વરદ્વીપે શાશ્વત ચૈત્યો ( ૫૨ ) હોવાથી ( ૫૨ ) ની રાખવાનું સમજાય છે. છતાં ઓછી-વત્તી સંખ્યામાં દેરીઓ કરવામાં બાધ નથી. જગ્યાના પ્રમાણમાં અત્યારે ઓછી-વત્તી કરાય પણ છે. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રકૃષ્ટ ગુણવાનના ગુણો રાજા પ્રજા ઉપર પણ અસર કરે છે

પાંડવો બાર વર્ષ વનવાસ ભોગવી તેરમું વર્ષ અજ્ઞાતપણે વ્યતીત કરતા હતા તે વખતે તેમને પ્રગટ કરવાની દુર્યોધને ઘણી શોધ કરાવી પણ કોઇ સ્થાનકે જણાયા નહીં. પછી નિરાશ થયેલા દુર્યોધનને ભીષ્મપિતામહે કહ્યું કે—"તમે અત્યાર સુધી પાંડવોનો પત્તો મેળવવાને જે પ્રયત્નો કર્યા છે ને કરો છો તે બધા મારા વિચાર પ્રમાણે અનુપયુક્ત છે, કેમકે સાધારણ દૂતોદ્વારા શું એનો પત્તો મળતો હશે ? એમની શોધ કરવાનો ઉપાય તો હું કહું છું તે તમે ધ્યાન દઇને સાંભળો:–જે દેશ કે રાજ્યમાં પવિત્રાત્મા, જિતેંદ્રિય રાજા યુધિષ્ટિર હશે ત્યાંના રાજાનું અમંગળ કોઇ કરી શકશે નહીં, એ દેશના મનુષ્ય નિશ્ચય દાનશીલ, ઉદાર, શાંત, લજ્જાશીલ, પ્રિયવાદી, જિતેંદ્રિય, સત્યપરાયણ, રુષ્ટપુષ્ટ, પવિત્ર તથા ચતુર હશે. ત્યાંની પ્રજા અસૂયા, ઇર્ષ્યા, અભિમાન અને માત્સર્યથી રહિત હશે. સર્વ લોક સ્વધર્માનુસાર આચરણ કરવાવાળા હશે. ત્યાં નિઃસંદેહ સારી રીતે વરસાદ વરસશે. આખો દેશ પ્રચુર ધન–ધાન્યસંપન્ન અને પીડા રહિત હશે. ત્યાંના અન્ન સારવાળા હશે. ફળો રસવાળા હશે, પુષ્પો સુગંધવાળા હશે. પવન પવિત્ર અને સુખદાયક હશે. ત્યાં પુષ્કળ દૂધ દેવાવાળી રુષ્ટપુષ્ટ ગાયો હશે. ધર્મ તો ત્યાં મૂર્તિમાન થઇને નિવાસ કરશે. ત્યાંના સર્વ મનુષ્ય સદાચારી, પ્રીતિ કરવાવાળા, સંતોષી તથા અકાળ મૃત્યુ વિનાના હશે. તેમજ પોતપોતાના દેવોની પૂજાના કરવાવાળા, તેમાં પ્રીતિવાળા, ઉત્સાહવાળા તેમજ ધર્મપરાયણ હશે. ત્યાંના મનુષ્યો નિરંતર પરોપકારપરાયણ હશે. હે વત્સ ! મહારાજા યુધિષ્ઠિરના શરીરમાં સત્ય, દાન, ધૈર્ય, પરમશાંતિ, ધ્રુવક્ષમા, શીલ, કીર્તિ, કાંતિ, પ્રભાવ, સૌમ્યતા અને સરલતા આદિ ગુણો નિવાસ કરીને રહેલા છે એ મહારાજા યુધિષ્ઠિરને મોટા મોટા વિદ્વાનો પણ ઓળખી શકતા નથી તો સાધારણ મનુષ્યની તો વાત જ શી કરવી ? માટે તું આવી ગુણવાન પ્રજા તથા રાજા અને સર્વ મનુષ્યો વિગેરે જ્યાં હોય ત્યાં યુધિષ્ઠિર રહેલા છે એમ જાણજે. એ રીતે તેનો પત્તો મળી શકવાનો સંભવ છે."

જુઓ ! એક પ્રકૃષ્ટ ( પ્રબળ ) ગુણવાનના ગુણોની કેટલી જબરજસ્ત અસર થાય છે તે વિચારો ! અને તેવા થવા માટે અંશે અંશે પ્રયત્ન કરતા રહો.

સં. કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવિક–પુરુષો

## અંતિમ રાજર્ષિ

( ૩ )

ચોતરફ બેસુમાર માનવમેદની જામી છે. સારુંયે વીતભયનગર જાણે કે અહીં જ એકત્ર થયું છે. ઘણાના મનમાં તો એ કુતુહળ ચાલી રહ્યું છે કે સાયંત્રિક આ શું ધંધો લઇ બેઠો છે ? એવી તે કેવી પેટી લાવ્યો છે કે જે જોવા સારુ આ જાતનો માનવમેળો એકઠો થયો છે ? ત્યાં તો એકાદો ઝીણો સ્વર કર્ણપટ પર અથડાય છે કે–' આપણા મહારાજ પણ કેવા ! પહેરેગીરોએ દાણના કાયદાનું ઉલ્લંઘન કરનાર આ સાયંત્રિકને પકડી તેઓના ચરણે ધર્યો ત્યારે એને નશિયત પમાડવાને બદલે રાજાધિરાજે એની હકીકત ઠંડે કલેજે સાંભળી. એમાં રતિભાર શંકા ન ધરતાં નગરમાં દાંડી પીટાવી. આ પ્રકારનો માનવસમુદાય એકત્ર કરવામાં સહાય કરી આપી. અરે ! ચોકીદારોના મુખ શ્યામ પાડવા સારુ જ કેમ ન હોય તેમ એ ત્રણ દમડીના માનવને પોતાની સાનિધ્યમાં ગૌરવવંતુ સ્થાન આપ્યું.'

' અરે ! સાંભળો, સાંભળો. ચાલી રહીને કહેવામાં આવે છે કે–આ પેટી એ કંઇ વેચવા માટે આણેલી વસ્તુ નથી. એની પાછળ એક વિચિત્ર કહાણી વણાયેલી છે.'

સાદો કરવાના મિષે જે મહાશયો વદેલા તેમના કર્ણપટ પર ઉપરનો ખુલાસો અથડાતાં તેઓ કિંકર્ત્તવ્યમૂઢ બન્યા. વિચિત્ર કહાણી સાંભળવાનું એક જ કારણ હવે તેઓ માટે માત્ર થોભવા પૂરતું રહ્યું ! આમ છતાં સૌને મન આશ્ચર્ય તો હતું જ. પેટીનો દેખાવ જ સૌ કોઇને મંત્રમુગ્ધ કરતો. એની કારીગરીમાં એના પર ચિતરેલા પ્રત્યેક આલેખનમાં કોઇ દૈવી શક્તિનો ચમકાર જણાતો. એનો દેખાવ જોતાં જ એની અંદર કોઇ અનોખી અને અમૂલ્ય વસ્તુ હશે એવો સહજ ભાસ થતો.

એની પાછળના મૂંગા ઇતિહાસથી જ માનવસાગર ઉભરાતો હતો. સાયંત્રિક ઉઠીને એ સંબંધમાં બોલવું શરૂ કરે તે પૂર્વે તો આખીયે ઠઠ પર નિઃશબ્દતાની લહરીઓ ફરી વળી. અગાધ શાંતિ વચ્ચે સૌ કોઇના નયનો આતુરતાથી આગંતુક મહેમાનના મુખ પ્રતિ મંડાયા.

" સિન્ધુ–સૌવીર દેશના માનવીઓ ! આ અણમૂલી ચીજ મને એક સ્વરૂપવાન વિભૂતિ તરફથી પ્રાપ્ત થઇ છે. એની ભેટ વીતભયનગરમાં ધરવા હું આવ્યો છું. એમાં કેવું કિંમતી જરીયાણ મૂકેલું છે અથવા તો કેવું અણમૂલું જવાહીર એમાં સમાવેલું છે, અગર તો કેટલી કિંમતી ચીજોનો એમાં સંગ્રહ કરાયેલ છે એ સર્વ બાબતોથી હું બીલકુલ અજ્ઞાત છું. મને માત્ર એક જ ફરમાન કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલું છે કે આ અદ્દભુત પેટી મ્હારે વીતભયપટ્ટણમાં લઇ જઇ, બજાર મધ્યે જાહેર પોકાર કરી જેના હસ્તો એના દ્વાર ઉઘાડવા સમર્થ બને તેને સુપ્રત કરવી. તને પૂછવામાં આવે તો માત્ર એટલો જ જવાબ દેવો કે–એમાં 'દેવાધિદેવ' છે. જેને એની પિછાન હશે તેનાથી જ તેના દ્વાર ઉઘાડી શકાશે.

"હવે રહી એક જ વાત. જે ભેટ આપના દેશને અર્પણ કરવાની હોય તેનું 'દાણ' આપવાપણું ન જ હોઇ શકે એટલે તે ખાતર મેં પહેરેગીરો સાથે બાકરી બાંધી. એમ કરવાથી મને જાહેરાત કરવાનું સુગમ થઇ પડ્યું. બાકી દાણચોરી કે એ નિમિત્તે કલહ કરવો એ મારું કામ નથી. વહાણવટી તરિકેના મારા વ્યવસાયમાં એને સ્થાન પણ નથી. આપને આંગણે આવેલ આ ભેટ શરત પ્રમાણે ઉદ્યમ સેવી ગ્રહણ કરો એ જ પ્રાર્થના."

જેટલામાં સાયંત્રિકનું વિવેચન પૂર્ણ થયું તેટલામાં જનતામાં પેટીના દ્વાર ખોલવા સારુ જબરી સ્પર્ધા ઉદ્દભવી. જોતજોતામાં કેટલીયે ભુજાઓ એની આસપાસ વીંટળાઇ વળી. ધારવા જેટલું સરળ કાર્ય ન નીકળ્યું. સંખ્યાબંધ હાથોના પ્રયાસો નિષ્ફળતાને વરી ચૂકયા! કલાકોના વધવા સાથે તરણીના તેજ ઝીલવા મારે થઇ પડ્યા. આમવર્ગના પૂર ઓસરવા માંડ્યા. સાથોસાથ આ ચમત્કારી પેટી અને એમાં રહેલા વધુ ચમત્કારી દેવાધિદેવના સમાચાર એ વીતભયપટ્ટણની શેરીઓમાં અને પોળોમાં પહોંચી ગયા. જતાં–આવતાં માણસોના મુખોમાંથી એ સિવાય ભાગ્યે જ બીજી વાત નીકળતી. ઉદાયન ભૂપતિની ધીરજ પણ થાકી ગઇ. કેમે કરી દ્વાર મચક ન આપે. આદરેલો સમારંભ આટોપ્યા સિવાય ઊઠાય પણ કેમ? આમ મૂંઝવણનો પાર ન રહ્યો. હવે જ જનહૃદયમાં દેવતાઇ કરામતના ભણકારા વાગવા માંડ્યા. કોઇ શિવના નામે તો કોઇ શંભુના નામે સ્તુતિ કરવા લાગ્યા. એકે તો શ્રી ગણેશાય કરી આરંભ કર્યો. વિષ્ણુ ભગવાનના સ્મરણપૂર્વક પ્રયત્ન કરનાર પણ ઓછા ન હતા. આમ છતાં દેવાધિદેવે તો દર્શન ન જ દીધા. અંતઉરમાંથી ભોજન સારુ નિમંત્રણ પર નિમંત્રણ આવવા લાગ્યા. જનાનાગૃહ સુધી દેવાધિદેવની વાત પહોંચી ગઇ. ન્યાય તોલવા કરતાં પણ પેટીના દ્વાર ખોલવાનુ કાર્ય વિકટ થઇ પડ્યુ.

પ્રભાવતી દેવીએ દાસીમુખે દેવાધિદેવ સંબંધી પરિસ્થિતિ જાણી ત્યાં ઘડીભર વિસ્મયતામાં ડૂબી ગઇ. તેણીને સહજ ખ્યાલ આવ્યો કે દેવાધિદેવ તો રાગ–દ્વેષાદિ અઢાર દૂષણને જીતનાર શ્રી જિનેશ્વર પ્રભુ જ ગણાય; તેથી પેટીમાં તેમની જ મૂર્તિ સંભવે છે. એ અમી ભરી પ્રતિમાના દર્શનનો યોગ વિધાન પૂર્વક જ કરાય. તરતજ રાણીએ પૂજનની તૈયારી કરી. શુદ્ધ વસ્ત્રોમાં સજ્જ થઇ જ્યાં આગળ આ સર્વ વ્યતિકર ...

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યો છે ત્યાં પગલાં કર્યાં. જનતાએ રાણીમાતાને માર્ગ આપ્યો. ચેટકભૂપની આ સતીપુત્રી માટે પ્રજાનો આબાલવૃદ્ધ સૌ કોઇ અનુપમ પ્રેમ ધરાવતા. સૌ કોઇને વિશ્વાસ હતો કે આ પવિત્ર માતાના હાથે જ પેટીના દરવાજા ખુલશે. સૌની દૃષ્ટિ માતા પર રમી રહી. વિધિપૂર્વક, ભક્તિભાવથી પેટીના દ્વારોનું ચંદન–અક્ષત–પુષ્પાદિથી પૂજન કરી, નમ્રભાવે રાણીમાતાએ હસ્તદ્વય જોડી નિમ્ન વાક્યોદ્વારા સ્તુતિ આરંભી:

**मोहमल्लवलमर्दनवीर !**
**पापपंकगमनामलनीर ! ।**
**कर्मरेणुहरणैकसमीर !**
**त्वं जिनेश्वरपते ! जय वीर !**

સ્તુતિના સુંદર સ્વર સાથે જ પેટીના દરવાજા ઉઘડી ગયા. અને સર્વ કોઇની દૃષ્ટિએ ગોશીર્ષમયી, સુંદર આકૃતિવાળી, સિંહનું લંછન છે જેને એવી શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ પડી. સર્વત્ર આનંદ છવાઇ રહ્યો. રાજવીની ચિંતાનો અંત આવ્યો. નાવિકને પણ ફરજ અદા કર્યાનો સંતોષ થયો. માનવમેદની વિખરાઇ અને રાજમહાલયના એક પવિત્ર પ્રદેશમાં આ મનોહર બિંબને લઇ જઇને સ્થાપન કરવામાં આવ્યું.

પ્રભાવતી દેવી અહર્નિશ આ ચમત્કારી બિંબની પૂજા બહુમાનપૂર્વક કરવા લાગી. રાજવી ઉદાયન પણ એમાં ઘણી વાર જોડાતા. એક પછી એક બનતા બનાવોએ તેમના હૃદયમાં જૈનધર્મ પ્રતિ આકર્ષણ પ્રગટાવ્યું હતું.

એક પ્રસંગે સ્નાન કરી સહસા રાણીએ દાસી પાસે પૂજાના શ્વેત વસ્ત્રો મંગાવ્યા. દાસીએ લાવી હાજર કર્યાં છતાં ભ્રમવશ રાણીને એ રાતા લાગ્યા. એટલે સહજ ઉપાલંભરૂપે બોલી જવાયું કે–“ આ શૃંગાર કેલિને યોગ્ય વસ્ત્રો શા સારુ આણ્યા ? ” ગુસ્સામાં એના તરફ દર્પણ ફેંક્યું. દાસીને મર્મસ્થળે એ વાગી ગયું અને એનું પ્રાણપંખી દેહપિંજરમાંથી ઊડી ગયું. આ અણધાર્યા બનાવથી રાણીની શુદ્ધિ ઠેકાણે આવી. પંચેંદ્રિય એવા માનવઘાતથી એનું અંતર અતિશય દુભાયું. આત્મકલ્યાણના પુનિત પંથે પગ માંડવામાં પ્રમાદવશ બની કેવી ગંભીર હિંસા જન્માવી. એ દોષથી દારુણ વ્યથા ઉદ્ભવી. તે દિનથી પ્રત્યેક કાર્ય વિચારીને કરવાનું ‘પણ’ લીધા છતાં મન વિષાદપૂર્ણ રહેવા માંડ્યું. ચહેરા પર પૂર્વની પ્રફુલ્લતા ન જ પ્રકટી. આવો અક્ષમ્ય પ્રમાદ પોતાથી કેમ બની ગયો ? એ વિચાર સતત મગજને ફોલી ખાવા લાગ્યો.

થોડા સમય પછી એની પૂર્તિરૂપે જે બનાવ બન્યો તે એ જ કે–દેવાધિદેવ સામે રાણી પૂર્ણ ઉમળકાભેર નૃત્ય કરી રહી છે અને રાજવી ઉદાયન વાજિંત્ર વગાડી રહ્યા છે. સહસા શિરવિહુણું રાણીનું માત્ર ધડ જોતાં જ ભૂપના ગાત્ર ઢીલા પડી ગયા અને એકાએક હાથમાંનું વાજિંત્ર અટકી પડ્યું. તરતજ રાણીના નૃત્યમાં ભંગ પડ્યો અને એ માટેનું કારણ જાણવાની હઠ પકડતાં જ

For Private And Personal Use Only

સાચી સ્થિતિ સમજાણી. દાસીના અવસાન પછી એ વાત માંડમાંડ ભુલાયા આવી હતી ત્યાં આજના બનાવે પુન: એ તાજી થઈ. મનમાં નિશ્ચિત થયું કે આ બનાવયુગલથી સ્પષ્ટ સમજાય છે કે મારો અંતકાળ બહુ દૂર નથી. આ પ્રકારના ચિહ્નો પરથી એ સૂચિત થાય છે કે હવે મારે આત્મકલ્યાણના પંથે પળવું જોઈએ.

ભૂપતિની સંમતિપૂર્વક રાણીએ શેષ જીવન આત્મપંથ ઉજાળવામાં વ્યતીત કર્યું. ચારિત્ર ગ્રહણ કર્યું. નિરતિચાર પાળ્યું અને માનવભવ છોડી સ્વર્ગે પ્રયાણ કર્યું.

' દેવાધિદેવ ' ની પૂજાભક્તિ કરનાર રાણી તો સિધાવી ગયા એની બદલીમાં એ કાર્ય એક કુબડી દાસીના શિરે આવ્યું. એના મનમાં બિંબ સંબંધી ચમત્કારનો ભાવ તો હતો જ એટલે એ દાસીએ પણ પૂરા ભાવથી પૂજારિણી પદ સ્વીકાર્યું.

ગંધાર નામનો એક શ્રાવક જુદા જુદા તીર્થોમાં પરિભ્રમણ કરતો અને ભાવપૂર્વક સ્થાવર તીર્થોની વંદના કરતો એકદા એક જ્ઞાની મુનિના સમાગમમાં આવ્યો. તેઓશ્રીના મુખેથી વીતભયપત્તનમાં રહેલ દેવાધિદેવ યાને જીવંતસ્વામીની મૂર્તિનું મૂળથી સર્વ સ્વરૂપ સાંભળ્યું. તેના મનમાં આ ચમત્કારી મૂર્તિના પ્રત્યક્ષ દર્શન કરવાની ઉત્કટ જાગી. પરિભ્રમણ કરતો તે મહામુશીબતે વીતભયપત્તનમાં આવી પહોંચ્યો છતાં સ્વાસ્થ્યમાં ગરબડી થઈ. વણ ઘણા તીર્થોના એ ફરી આવ્યો હતો. જાતજાતના સંતોના એને સમાગમ થયા હતા. કેટલાયે યાંત્રિકો અને માંત્રિકોને એને ભેટો થયો હતો એટલે એની પાસે કેટલીક ગૂટિકાઓ હતી; છતાં પરદેશમાં એકાએક તંદુરસ્તી જોખમાવાથી એ કોઈને દઈ શકાય તેવું ન રહ્યું. દરમિયાન સ્વાભાવિક સમજ કુબડી દાસીએ શ્રાવક ગંધારની શુશ્રૂષા ને ચિકિત્સા કરવામાં રંચમાત્ર ક્યાશ ન રાખી. દાસીની એક સગી ભગિની કરત વધી જાય એવી સેવાથી દર્દીનું દદ નરમ તો ન પડયું છતાં દુ:ખભાર તે અવશ્ય ઓછો જણાયો. અસાધ્ય રોગે ગંધાર શ્રાવકનો પ્રાણ લીધો તે પૂર્વે દાસીએ પોતાની નિ:સ્વાર્થ વૈયાવચ્ચથી એના હૃદયમાં એટલી હદે સ્થાન મેળવ્યું કે મરતાં પહેલાં તેણે પોતાનો સ ગૂટિકા સંગ્રહ તેણીને સોંપ્યો એટલું જ નહિં પણ એના શા શા ચમત્કાર છે તે પણ સાથોસાથ સમજાવ્યા.

કુબડી મટી સંપત્તિવાળી બનેલી દાસ એક ગૂટિકાના પ્રભાવથી રૂપની રાશિ સમી દેવાંગના બની ગઈ. જ્યાં એ ચમત્કારો અનુભવ્યો પછી જેમ કોઈ અચાનક ધનરાશિ મળી જાય એ ને ગમે-માયે તેમ આ દાસીએ ઊંચા ઊંચા મનોરથ ઘડવા માંડ્યા એની પ્રાપ્તિ પિતા તુલ્ય ઉદાયન ભૂ દ્વારા તો ન જ સંભવી શકે એટલે એ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કડવાશ વિરૂદ્ધ મીઠાશ

કડવી ભાષા વાપરવાથી કાર્યસિદ્ધિ થતી હોય એ પ્રાયઃ અસંભવિત છે. ઘણાઓની એવી માન્યતા છે કે જેમ કડવું ઔષધ રોગને દૂર કરે છે તેમ કડવા વચનો બોલવાથી કાર્યસિદ્ધિ જલ્દી થાય છે. આમ માનનારાઓ ખરેખર ભૂલ કરતા હોય છે.

રોગ અને ઔષધ એ ભિન્ન બાબત છે. જ્યારે કાર્યસિદ્ધિ અને કડવાશ એ તેનાથી તદ્દન ભિન્ન છે. મતલબ કે, એ બાબતનો મુકાબલો કરવો નિરર્થક છે.

પતિ પોતાની સ્ત્રીને સુધારવા માટે, સાસુ પોતાની પુત્રવધૂને ઠેકાણે લાવવા માટે, માસ્તર પોતાના વિદ્યાર્થીઓને ભણાવવા માટે અને શેઠ પોતાના નોકર પાસેથી કામ લેવા માટે કડવી ઝેર જેવી ભાષાનો ઉપયોગ કરે, મર્મઘાતક વાક્યો કહે, વક્રતાથી વર્તે, વાત-વાતમાં વ્યંગ ભાષા બોલે, કહો ભલા ! આથી શું તે દરેકના કાર્યસિદ્ધિ થતી હશે ખરી ?

જેઓ માનસશાસ્ત્રથી અનભિજ્ઞ હોય તેઓ એવી નીતિ ભલે અખત્યાર કરતા હોય, પરંતુ જે વિચારક છે, જેણે થોડો પણ માનસશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે, જેણે મનુષ્ય જીવનનું સૂક્ષ્મ અવલોકન કર્યું છે, જે જુદા જુદા દેશવાસી મનુષ્યોના પરિચયમાં આવેલ છે, જેણે ત્રણ ઘાટના પાણી પીધેલાં છે એવા સમજદાર મનુષ્યો તો કડવાશનું સમર્થન નહીં જ કરે એ પ્રાયઃ ચોક્કસ બીના છે.

કડવી ભાષામાં–આક્રોશયુક્ત ભાષામાં–મર્મઘાતક ભાષામાં એક પ્રકારની પ્રત્યાઘાતી અસર ભરી પડી છે. જ્યારે જ્યારે તેવી ભાષાનો પ્રયોગ થાય છે ત્યારે ત્યારે સામાના હૃદય પર ગ્લાનિયુક્ત ( જો તે દબાએલ હોય તો ) અસર થાય છે અને જો તે વ્યક્તિ સ્વતંત્ર હોય તો તેનું પરિણામ કલહમાં આવે છે.

કષાયની ઉત્પત્તિ વિના કડવી ભાષા બોલી શકાતી જ નથી. ઘણાઓની એ દલીલ છે કે વિનાકષાયે પણ હાથ નીચેની વ્યક્તિને સુધારવા માટે કડવી ભાષાનો ઉપયોગ થઈ શકે છે, પરંતુ એમ માનવું એ ભીંત ભૂલવા જેવું છે; કેમકે અમુક વસ્તુ અમુકની સાથે સંકળાયેલી

---

નજર સહજ સિંધુ–સૌવીર દેશના કાંગરા કુદાવી અવંતીના પ્રખ્યાત પ્રદેશ પર્યંત પહોંચી ગઈ. સૌંદર્યવતી આ રામાએ એ પ્રદેશના સ્વામી ચંડપ્રદ્યોતનને પોતાનો પતિ સ્થાપવાના કોડ સેવ્યા. ગુટિકાએ એમાં કેવી યારી આપી તે વાત જોઈએ તે પહેલાં એક વાત અત્યારે કહી દેવાની જરૂર છે કે આ પરિવર્તન કાળમાં એ દાસી દેવાધિદેવની પૂજાને જરા માત્ર ભૂલી નહોતી. ગંધાર શ્રાવકનો યોગ પણ એ મૂર્તિને આભારી લેખતી અને એ શ્રાવકના મુખે એ મૂર્તિનો જે ચમત્કારિક ઇતિહાસ શ્રવણ કરેલો તેથી તેણીની શ્રદ્ધા દ્વિગુણી બની હતી.

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ હોય છે. દાખલા તરીકે જ્યાં ધૂમાડા હોય ત્યાં અગ્નિ હોવા જ જોઇએ. વળી પાણીનો સ્વભાવ ઠંડો છે તેને ગરમ કરવા માટે તેની નીચે અગ્નિ મૂકવો જ પડશે. જો કોઇ કહે કે વિનાઅગ્નિએ પણ જળ ગરમ થઇ શકે છે તો એ વાત આપણને નામંજૂર થશે. તેવી જ રીતે કડવી ભાષા માટે સમજવાનું છે. અંતરમાં ઉકળાટ થયા વિના-અંતરમાં રોષ ઉત્પન્ન થયા વિના-અંતરમાં ક્રોધની ધમધમાટીભરી સ્ટીમ ચાલુ થયા વિના કદી પણ કડવી ભાષા હોઠે આવી શકતી જ નથી. એવો સ્વાનુભવ છે અને પ્રાયઃ સર્વનો તેવો અનુભવ હોવા સંભવ છે.

ઇંધનમાં લાગેલી આગ પ્રથમ તો અંદર ને અંદર ધુંધવાયા કરે છે અને કેટલોક સમય ગયા બાદ ઇંધનને પ્રજ્વળીને તે આગ બ્હાર ભભુકી ઉઠે છે. તેવી જ રીતે કોઇના પણ નિમિત્તે ઉત્પન્ન થયેલ રોષ પ્રથમ તો ઉત્પાદક વ્યક્તિના હૃદયને માલીન્યતાયુક્ત કરે છે, અવિવેકથી આવરી દે છે અને ત્યારબાદ અન્ય પ્રત્યે તે બાબતની વરાળ કડવા શબ્દોમાં નીકળે છે; તેથી જ શ્રી ઉદયરત્નજી મહારાજે કહ્યું છે કેઃ—

આગ ઊઠે જે ઘરથકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે.

કડવાં ફળ છે ક્રોધનાં.

કડવાશના અવગુણો તો આપણે જોયા. હવે મીઠાશથી શું લાભ લઇ શકે છે તેને પણ સહજ અવલોકીએ.

મિષ્ટભાષા એ અમૃતભાષા છે, મિષ્ટભાષા એ દેવભાષા છે, મિષ્ટભાષા એ સજ્જન-સુમનુષ્યની ભાષા છે. એવી મધુર ભાષા વાપરવામાં ક્યાં પૈસા બેસે છે ? લેખક તો ત્યાં સુધી માને છે કે એ બાબતમાં અપવાદની પણ જરૂર નથી. અર્થાત્ કોઇ સ્થળે અપવાદ તરીકે પણ મીઠી ભાષાને એક બાજુ મૂકી કડવી ભાષા વાપરવી તે અયુક્ત છે, કેમકે કડવી ભાષા વાપરીને પણ આશય તો સુધારવાનો જ છે ને ? તો પછી સુધારણા કરવાની શક્તિ મીઠાશમાં ક્યાં નથી કે જેથી કડવાશનો આશ્રય લેવો પડે ?

મીઠા વચને તો માથું પણ મળે છે. મીઠા વચને અજાણ્યા પ્રદેશમાં પણ માર્ગ થઇ શકે છે. મીઠાશથી મિત્રો વધે છે. મીઠાશથી પારકા પણ પોતાના થતા આવે છે. મીઠાશથી મનુષ્યો તો શું ? પણ પશુ પંખીઓ પણ વશીભૂત થાય છે. વધુ શું કહેવું ? સર્વોત્તમ વશીકરણ એક માત્ર મિષ્ટભાષા જ છે. મહાત્મા તુલસીદાસજીએ તે વિષે એક સ્થાને યથાર્થ જ કહ્યું છે કે—

वसीकरण यह मंत्र है, तज दे वचन कठोर ।
तुलसी मीठे बोलसें, सुख उपजे चिहुं ओर ॥

ગમે તેવા સંજોગોમાં પણ હસમુખો—તાજા ખીલેલા ગુલાબ પુષ્પ જેવા પ્રફુલ્લિત ચહેરે અને તાજી મીઠાશ. એ બે જ વસ્તુઓ એવી છે કે જેનાથી તમારું મન ધાર્યું થઇ શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ પ્રસંગ વિના તો હરેક મનુષ્યો મીઠાશ ધારણ કરી શકે છે, પરંતુ નોકરના હાથે ઘીનો ઘડો ઢોળાઇ ગયો હોય કે તેની એકાદ ભૂલથી મોટું નુકશાન થયું હોય ત્યારે પણ જે મીઠાશયુક્ત ઠપકો દે અને તે પણ પરિમિત શબ્દોમાં જ કહે એવા સંયમી–ભાષા-સંયમીને વંદન હો !

પ્રસ્તુત વિષય ઉપર અનુભવી સંસ્કૃત કવિઓના ગીર્વાણ ગિરામાં ગુંથાયેલા સુભાષિત શ્લોકો જોઇએ.

**यस्य जिह्वा वशे नास्ति, तस्य वैरं जगत्त्रये ।**
**जिह्वायाममृतं यस्य, तस्यात्मीयं जगत्त्रयम् ॥ १ ॥**

અર્થાત્—જેની જીભ સ્વાધીન નથી–યદ્વાતદ્વા બોલ્યા કરે છે, તેને ત્રણ જગત સાથે વૈર બંધાય છે અને જેની જીહ્વામાં અમૃત–મીઠાશરૂપ અમૃત વસે છે તેનું ત્રણે જગત મિત્ર બને છે–પોતાનું થાય છે.

**रे जिह्वे! कटुकस्नेहे, मधुरं किं न भाषसे ?**
**मधुरं वद कल्याणि !, जनो हि मधुरप्रियः ॥ २ ॥**

અર્થાત્—હે કટુ વચન બોલવામાં પ્રીતિવાળી જીભ ! તું મધુર કેમ બોલતી નથી ? હે કલ્યાણી ! તું મધુર શબ્દો બોલ, કારણ કે લોકો તો મધુર–પ્રિય મિષ્ટ–ભાષાને જ ચાહનારા છે.

**जिह्वाग्रे वसते विद्या, जिह्वाग्रे मित्रबान्धवाः ।**
**जिह्वाग्रे बंधनं मोक्षो, जिह्वाग्रे परमं पदम् ॥ ३ ॥**

અર્થાત્—જીભના અગ્રભાગે વિદ્યા વસે છે. જીભના અગ્રે મિત્રો ને બાંધવો પ્રેમવાળા રહે છે, જીભના અગ્રભાગે કર્મ બંધન રહેલ છે, જીભવડે જ મોક્ષ પ્રાપ્ત થાય છે અને જીહ્વાગ્રે પરમપદ પણ રહેલ છે.

**अतितर्जना न कार्या, शिष्यसुहृद्भृत्यसुतकलत्रेषु ।**
**दध्यपि सुमथ्यमानं, त्यजति स्नेहं न संदेहः ॥ ४ ॥**

અર્થાત્—શિષ્ય, મિત્ર, નોકર, પુત્ર તથા સ્ત્રી ઇત્યાદિને વિષે અતિ તર્જના ન કરવી. જુઓ ! દહીંને અતિ વલોવવામાં આવે તો નિઃસંદેહ વાત છે કે તે પોતાના સ્નેહને–માખણને તજી દે છે. તેવી જ રીતે બહુ તર્જનાથી–તિરસ્કારથી તેઓનો સ્નેહ દૂર થાય છે.

તમારાથી નીચેનાને–પછી તે સ્ત્રી હો, નોકર હો, પુત્ર હો, લઘુભ્રાતા હો, પુત્રવધૂ હો કે વિદ્યાર્થી હો, ગમે તે હો પરંતુ તેને વારંવાર ટોકવાથી–કટુ શબ્દો કહેવાથી તમારું રૂપું થવામાં ઘણા યોજનનું અંતર પડશે એ નિર્વિવાદ છે. વળી તમારી ભાષા સામાના હૃદયમાં શલ્ય ની માફક સાલવાથી તમારા માટેનું તેનું સઘળું માન ઓસરી જશે માટે એવા નુકશાનીનો ધંધો કઇ મુજ્ઞ વ્યક્તિ કરે ?

રાજપાળ મગનલાલ વહોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સૂત્રો

[illegible]

(૫૮) નિંદા, ખટપટ, કૌતકોને કે સ્વાર્થ સાધુતાને કદિ આ જીવનની કર્તવ્યતા ન માનતા.
(૫૯) એક યુગના વિચારો અને મનનો બીજા યુગમાં માનવપ્રકૃતિને સ્થિર કરી મૂકે છે.
(૬૦) સત્યને માર્ગે આગળ વધી કામ કરે જાઓ! પરિણામ કુદરત નક્કી કરશે.
(૬૧) નિરાશ કદી ન થાઓ! આશાવાદી બનો! કારણ જીવનમાં નિરાશાને સ્થાન નથી.
(૬૨) મહાન્ પુરુષો જન્મતા નથી, પરંતુ એમના કાર્યો જ એમને મહાન્ બનાવે છે.
(૬૩) સ્ત્રી પુરુષના કાલ્પનિક ભેદભાવોના નાશથી માનવજીવનના અંતરનો નાશ થાય છે.
(૬૪) થતી ભૂલને સુધારવામાં નબળાઈ કે નામોશી નથી. પણ એમાં જ સાચી વીરતા છે.
(૬૫) કાર્ય કરવાની ખાએશ ન હોય તો મૌન રહો પણ થતાં કાર્યને તોડવાનો કે ભૂલો જોવાનો અધમ પ્રયત્ન તો ન જ કરો!
(૬૬) જગતને કાજે યશ અને અપયશ નીમાયા છે, તેથી નિંદાની પરવા ન કરો, સત્કાર્યોની પાછળ મંડ્યા રહો, વિજય તમારો જ છે.
(૬૭) વસ્તુની એક બાજુ ઉપર ઢળી ન પડો; એની બન્ને બાજુએ નિરખો.
(૬૮) સેવા કરવામાં દ્વેષભાવ ન કેળવો, દંભ ન સેવો. નાદાની ન કરો.
(૬૯) ઉત્સાહ, હિંમત, સ્ફૂર્તિ, કર્તવ્યપરાયણતા, આનંદ એ યુવાનીના લક્ષણ છે.
(૭૦) જ્યારે આત્મા અહંભાવથી વિરક્ત બનશે ત્યારે જ મુક્તિવધૂને વરશે.
(૭૧) કીર્તિના મોહમાં અંજાઓ મા. આત્માના અવાજને ગુંગળાવો મા.
(૭૨) સમય આગળ સૌને નત મસ્તકે રહેવું પડશે.
(૭૩) આત્મા અનંત શક્તિનો ખજાનો છે. અનંત તેજનો અંબાર છે. અનંત સુખનું ધામ છે.
(૭૪) સત્ય ખાતર તારા સર્વસ્વનો ભોગ આપવા તૈયાર રહે.
(૭૫) નીતિમાર્ગી માનવ પોતાનો ઉત્કર્ષ સાધી શકે છે.
(૭૬) સ્વાશ્રયી બનો. એકલા ઊભા રહેવાની શક્તિ કેળવો.
(૭૭) સત્યના ચાહક બનો. નિર્ભય બનો, ગુણના ગ્રાહી બનો.
(૭૮) સંગતિ સાધુજનો( સજ્જનો )ની કરો. (૭૯) જીવન સાદું, નમ્ર જીવતાં શીખો.
(૮૦) " શાંતિ એ કસોટી છે. " અભિમાન એ મદિરા તુલ્ય છે.
(૮૧) સાચો શુભ આદર્શ ઘડો અને તદનુસાર પ્રવૃત્તિ કરો.
(૮૨) જગતમાં કોઈ કોઈનો મિત્ર નથી, કોઈ કોઈનો દુશ્મન નથી.
(૮૩) ખૂબ યાદ રાખવું ઘટે કે કાળચક્રના ઝપાટામાં સૌને વહેલા કે મોડા ઘસડાવાનું જ છે.
(૮૪) અસંતોષી સમ્રાટો કરતાં સંતોષી માનવો વધુ સુખી જીવન ગુજારે છે.
(૮૫) અનાગ્રહપણામાં જેટલું સુખ છે તેટલું આગ્રહપણામાં દુઃખ છે
(૮૬) કાયર જીવતાં પણ મૃતવત્ છે. શૂરવીર મરતાં પણ જીવંત છે.
(૮૭) વહાલા વતનને કાજે પડતો દેહ અમરત્વને પામે છે.
(૮૮) સાચાના ઉદ્ધાર માટે જ જીવન જીવતાં શીખો.
(૮૯) જિંદગીમાં આરોગ્ય, એ સાચું ધન છે.
(૯૦) સોનાના મહેલનો [illegible] ભારત, [illegible] ચૂક્યો છે.

મુનિ કલ્યાણવિમળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારોની આરોગ્ય પર થતી અસર

વિચારોની અસર શરીર પર ઘણી અદ્ભુત થાય છે. આરોગ્ય અને અનારોગ્યનો સંપૂર્ણ આધાર માનસિક શુભાશુભ વિચારો ઉપર રહેલો છે. જેવા વિચારો તેવું જ આરોગ્ય બંધાય છે. કોઇ પણ રોગની શરૂઆતમાં પ્રથમ વિચારો ઉત્પન્ન થાય છે અને પછી તે વિચારોની ધીમે ધીમે આરોગ્ય પર અસર થાય છે. જેમ જેમ વિચારોની પ્રબળતા વધતી જાય છે તેમ તેમ વ્યાધિની પ્રબળતા પણ વધતી જાય છે. આવી સ્થિતિ થયા પછી સુધારવા માટે ગમે તેટલા ઔષધ-ઉપચારો કરવામાં આવે તો પણ તેની ભાગ્યે જ સારી અસર થવા પામે છે. જ્યારે તેવા વિચારો નાબૂદ થાય ત્યારે જ અસલ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

શુભાશુભ સમાચારોના શ્રવણ માત્રથી પણ આરોગ્ય અનારોગ્યમાં ઘણો ફેરફાર થઈ જાય છે. શુભ સમાચારના શ્રવણથી મનમાં આનંદ થાય છે, ગમે તેવું દુઃખભરેલું દર્દ પણ ઘડીભર દબાઇ જાય છે અને સુખનો અનુભવ થાય છે. જ્યારે અશુભ સમાચારના શ્રવણથી એકદમ શોકગ્રસ્ત થઈ જવાય છે, આખા શરીરમાં બેચેની જેવું જણાય છે અને કેટલીક વખત શોકભરેલા વિચારો નહિ રોકાવાથી મરણ જેવા પ્રસંગો ( હાર્ટ ફેઇલ ) પણ બની જાય છે. આવા અનુભવો સામાન્ય રીતે ઘણાખરા મનુષ્યોને થયેલા હોય છે. આ અનુભવથી માનસિક વિચારોની આરોગ્ય ઉપર કેવી સારી-નરસી અસર થાય છે તે સહેજે અને સ્વતઃ સમજાઇ શકે તેમ છે.

સામાન્ય રીતે વિચારતાં રોગ સંબંધીના વિચારો કરવાથી જ રોગની ઉત્પત્તિ થાય છે તેથી આપણા શરીરમાં રોગ રહેલો છે, એવી શંકા પણ થવી જોઇએ નહિં; કારણ કે કેટલીક વખત આવા વિચારો, વહેમો અને શંકાઓથી જ રોગો ઊગી નીકળે છે અને તેથી આરોગ્યને ગંભીર નુકશાન પહોંચે છે. જ્યાંસુધી રોગ સંબંધીના વિચારો નાબૂદ થતા નથી અને રોગ 'મટશે કે નહિં ?' એવી શંકા રહ્યા કરે છે ત્યાંસુધી કોઇ પણ માણસ સંપૂર્ણ આરોગ્ય મેળવી શકતો નથી.

નિરંતર નિર્બળતાના વિચારો કરવા. નાજુક પ્રકૃતિ માટે અફસોસ કરવો અને વ્યાધિની જ ચર્ચા કરવી એ ખરેખર મૂર્ખાઈ છે. આવા પ્રકારનો સ્વભાવ રાખવાથી રોગમાં ઘટાડો થવાને બદલે અનેક પ્રકારે વધારો થાય છે. તેથી પ્રથમ વિચારોરૂપી વ્યાધિ નાબૂદ કરવાની ખાસ જરૂર છે. વિચારોરૂપી વ્યાધિ નાબૂદ કરવા માટે શુભ વિચારોનું ચિંતવન એ મહાન ઔષધરૂપ છે. જ્યારે જ્યારે રોગ સંબંધીના વિચારો ઉત્પન્ન થાય ત્યારે ત્યારે આરોગ્ય સંબંધીના અને આત્માની મહાન શક્તિના વિચારો કરવા જોઇએ. આ વિચારોમાં એટલી અદ્ભુત શક્તિ સમાગેલી છે કે ગમે તેવા હઠીલા દર્દો પણ આવા પ્રકારના વિચારોથી નાબૂદ થઇ જાય છે.

જેટલા પ્રમાણમાં શુભ વિચારોની દ્રઢતા તેટલા પ્રમાણમાં શરીરની પણ દ્રઢતા હોય છે. અશુભ વિચારોથી આરોગ્યનો નાશ થાય છે, અને શુભ વિચારોથી આરોગ્ય પ્રાપ્ત થાય છે. સમર્થ જ્ઞાનીઓએ પણ "**मन एव मनुष्याणां, कारणं बंधमोक्षयोः**" એ પ્રમાણે કથન કરેલું છે. એટલે મનુષ્યોના બંધ અને મોક્ષનું કારણ મન જ છે. મનના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશુભ વિચારોથી કર્મબંધન થાય છે અને શુભ વિચારોથી કર્મનો નાશ થાય છે. કર્મનો નાશ થવાથી આત્મા મોક્ષ પ્રાપ્ત કરે છે. મનના શુભાશુભ વિચારોમાં આવું અદ્ભુત સામર્થ્ય સમાયેલું છે, તો પછી આરોગ્ય અનારોગ્યની પ્રાપ્તિ માનસિક વિચારો પર રહેલી છે એમ માનવું તેમાં કોઇ પણ જાતનો બાધ નથી; તેથી શારીરિક તેમજ આત્મિક આરોગ્ય પ્રાપ્ત કરવા માટે પ્રથમ શુદ્ધ વિચારોની ખાસ જરૂર છે.

શરીરનો કોઇ પણ રોગ નાબૂદ કરવામાં દવાઓ કરતાં શુભ વિચારોનું ચિંતવન ઘણું જ સારું કામ કરે છે. શુભ વિચારોમાં દર્દ હઠાવવાની જે શક્તિ સમાયેલી છે તેવી કોઇ પણ ઔષધમાં સમાયેલી નથી. પૂર્વે થઇ ગયેલા અનેક મહાપુરુષોએ શુભ વિચારોના બળથી અને પવિત્ર આચારોથી પોતાના આરોગ્યનું રક્ષણ કરેલું છે, અને ગયેલું આરોગ્ય પુનઃ પ્રાપ્ત પણ કરેલ છે; તેથી કોઇપણ પ્રકારના રોગપ્રસંગે વિચારશુદ્ધિ સાથે દવાનું સેવન કરવું જરૂરી છે. આ પ્રમાણે કરવાથીજ આરોગ્યની જલ્દી પ્રાપ્તિ થાય છે.

## બ્રહ્મચર્ય મહિમા

પોતાની, સમાજની અને દેશની ઉન્નતિનો સંપૂર્ણ આધાર બ્રહ્મચર્ય ઉપર જ રહેલો છે, તેમજ આત્મકલ્યાણનો પણ સઘળો આધાર બ્રહ્મચર્ય ઉપર રહેલો છે. ધર્મસાધનમાં પણ બ્રહ્મચર્યને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. બ્રહ્મચર્યના મહિમા માટે શાસ્ત્રમાં અનેક પ્રકારે વર્ણન કરેલું છે. પૂર્વના મહાન સમર્થ પુરુષોએ અસાધ્ય માનવામાં આવતાં કાર્યો પણ બ્રહ્મચર્યના વિશુદ્ધ પાલનવડે સાધ્ય કરેલાં છે. તેઓના ચમત્કારિક ચરિત્રોના વાંચનથી પણ જગત અત્યારે મહાન લાભ મેળવી રહેલું છે.

ગમે તેવા વિકટ સંજોગોમાંથી પણ બ્રહ્મચર્યવાન માણસ નિર્વિઘ્નપણે પસાર થઇ શકે છે. બનતાં સુધી તો બ્રહ્મચર્યવાનને કોઇ પણ સમયે દુઃખ સહન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થતો જ નથી. કદાચ કસોટી પૂરતો કોઇ સમયે એવો દુઃખભરેલો પ્રસંગ ઉપસ્થિત થાય તો પણ પરિણામે દુઃખના નાશ સાથે અનેક પ્રકારના સુખની પ્રાપ્તિ થાય છે. દુર્ભાગ્યનો એટલે દુઃખથી ભરેલી સ્થિતિનો પણ બ્રહ્મચર્યવડે જ નાશ થાય છે. બ્રહ્મચર્યવાન માણસને ગમે તેવા દુઃખના પ્રસંગો પણ સુખરૂપે ફેરવાઇ જાય છે અને દુર્ભાગ્ય જરાપણ ટકી શકતું નથી. વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરનારને દુઃખથી ભરપૂર એવી નારકીમાં જવાનો પણ પ્રસંગ આવતો નથી. એટલે એવી ખરાબ ગતિમાં બ્રહ્મચર્યવાન જીવની ઉત્પત્તિ થતીજ નથી. સઘળા દુઃખોમાં મહાનમાં મહાન દુઃખ નારકીનું છે. સમગ્ર વિશ્વમાં નારકી સમાન બીજું એક પણ દુઃખ નથી. સંસારમાં પરિભ્રમણ કરતાં જીવોએ બ્રહ્મચર્યના અભાવે અનંતી વાર એવા સ્થાનમાં દુઃખો અનુભવેલાં છે. પરંતુ અજ્ઞાનના યોગે તે સઘળાં દુઃખો વિસ્મૃત થઇ જવાથી આત્મા વિષયોની લાલસામાં મશગુલ થઇ જાય છે; જો તે સ્થિતિના અનુભવનો જરા પણ ખ્યાલ આવે અને તે સઘળું ભોગલાલસાઓથી જ નિર્માણ થયેલું હતું, એવું જાણવામાં આવે તો કોઇ પણ પ્રાણી એવા કાર્યોમાં લેશ માત્ર પણ પ્રવૃત્તિ કરે નહિં.

માસ્તર રામચંદ ડી. શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ—પાલીતાણા

( સ્થાપના સં. ૧૯૬૨ ના ચૈત્ર શુદિ ૧૦ )

**ધાર્મિક પ્રવૃતિઓઃ**—નિયમાનુસાર સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન, આયંબિલની તપશ્ચર્યા, ચૈત્રીપુનમની શ્રી તીર્થાધિરાજની યાત્રા વગેરે ધાર્મિક પ્રવૃતિઓ કરવામાં આવી છે.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની પરીક્ષાનું પરિણામ નીચે મુજબ આવેલ છે.

| વર્ગ. | પરીક્ષામાં બેઠા. | પાસ. | નાપાસ | ઇનામ રૂા. |
|---|---|---|---|---|
| પુ. ધો. ૨ જું | ૪ | ૪ | ૦ | ૫ |
| પુ. ધો. ૧ લું. | ૧૦ | ૯ | ૧ | ૩૧ |
| બા. ધો. ૨ જું. | ૧૫ | ૧૨ | ૩ | ૧ |
| બા. ધો. ૧ લું. | ૨૧ | ૨૧ | ૦ | ૫ |
| | ૫૦ | ૪૬ | ૪ | ૪૨ |

કુલ ૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા તેમાંથી ૪૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે. પરિણામ ૯૨ ટકા આવેલ છે. ઇનામ કુલ રૂા. ૪૨ નું છે.

**વિવાદ સભાઓઃ**—

ગ્રામ સુધારણા. ( ગુજરાતી ) વક્તા શ્રી વીરચંદ પાનાચંદ શાહ.

બાલાશ્રમની વર્ષગાંઠ. ,,

અંગ્રેજી. Biography of Enoch Arden.

**શ્રી મહાવીર જયન્તીઃ**—પુરબાઇની ધર્મશાળામાં શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહના પ્રમુખપણા નીચે મહાવીર જયન્તી ઉજવવામાં આવી હતી અને તે વખતે સંસ્થાના બધા વિદ્યાર્થીઓએ સારો રસ લીધો હતો.

**ચૈત્ર માસની આવકઃ**—

| | રૂા. | આ. | પા. |
|---|---|---|---|
| નિર્વાહ ફંડ ખાતે | ૩૨૫ | ૧૨ | ૦ |
| વાર્ષિક સહાય ખાતે | ૩ | ૦ | ૦ |
| ભોજન ફંડ ખાતે | ૨૭૬ | ૮ | ૦ |
| કેળવણી ફંડ ખાતે | ૩૦ | ૦ | ૦ |
| કાપડ ફંડ ખાતે | ૬ | ૦ | ૦ |
| ડેડ સ્ટોક ફંડ ખાતે | ૨ | ૦ | ૦ |
| સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડ ખાતે | ૨૫૧ | ૦ | ૦ |
| દહેરાસરજી ખાતે | ૮ | ૦ | ૦ |
| | ૯૦૨ | ૪ | ૦ |

For Private And Personal Use Only

ભેટ:—શ્રી તલકચંદ કાનજી કપાસી પાલીતાણા

૨ પુજાજોડ, ૧ જર્મનની થાળી, ૧ કળશો, ૧ કળશ, ૧ સુખડનો કકડો, વાળા કુંચી ૧ અગરબતીનું પડીકું, ૩ અંગલુંછણા.

શેઠ બેચરદાસ કાળીદાસ. રાજકોટ. ગોધમનો લોટ શેર ૧૭ાા.

શેઠ માણેકલાલ પરશોતમ હ: શેઠ વનરાવન મદનજી મુંબઇ.
શ્રીમદ્ રાજચંદ્રના ભાગ ૨ ( પહેલો તથા બીજો )

શેઠ નરોત્તમદાસ ભગવાનદાસ મુંબઇ. પુસ્તકો નંગ ૨૧૩

શેઠ મંગળદાસ નગીનદાસ અમદાવાદ. પરી પીત્તળના વાટકા નં. ૩

**વર્ષગાંઠ:**—ચૈત્ર શુદિ ૧૦ ને દિવસે બાળાશ્રમની વર્ષગાંઠ હોઇને બાળાશ્રમના દહેરાસરજીમાં પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી, વિદ્યાર્થીઓને મિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું અને સાંજે વર્ષગાંઠ નિમિત્તે સભા ગોઠવવામાં આવી હતી.

**મુલાકાત:**—શેઠ છોટાલાલ જેશંગભાઇ પ્રભાસપાટણ, શેઠ રાઘવજી ડુંગરશી વઢવાણકેમ્પ, શેઠ નાનાલાલ હંસરાજ કચ્છ–માંડવી, શા. વીરજીભાઇ ભીમસિંહ કચ્છ-બીદડા, શેઠ કાંતિલાલ નાનાલાલ મુંબઇ, શા. દીપચંદ ગાંધી રતલામ, શાહ ભોગીલાલ ભાઇ સુતરીયા અમદાવાદ, શેઠ ચીનુભાઇ લાલભાઇ અમદાવાદ, શેઠ વીરચંદ પાનાચંદ સમઢીયાળા.

## મિષ્ટ ભોજન:—

શેઠ કાનજી ગોપાળજી કપાશી હ. તલકચંદ કાનજી કપાશી. પાલીતાણા ચૈ. શુ. ૧

શેઠ આતમચંદ રણછોડ બાળાશ્રમની વર્ષગાંઠ નિમિત્તે. મુંબઇ ચૈ. શુ. ૧૦

શેઠ તારાચંદ બહેચરદાસ હ. મોતી બહેન. પાટણ ચૈ. શુ. ૧૧

બાળાશ્રમ તરફથી. ચૈ. શુ. ૧૫

શેઠ મૂળચંદ હઠીચંદના ધર્મપત્ની આધારબાઇના સ્મરણાર્થે
હ: મંજુબહેન તથા તારાબેન અમદાવાદ. ચૈ. વ. ૬

શેઠ લાલભાઇ ભોગીલાલ અમદાવાદ

શ્રી સુરેન્દ્રભાઇના લગ્નની ખુશાલી નિમિત્તે હ. શેઠ ચીનુભાઇ લાલભાઇ. ચૈ. વ. ૧૨

**જરૂરીયાતો:**—સમાજના દાનવીરોને સંસ્થાની નીચે જણાવેલ જરૂરીયાતો પૂરી પાડવા માટે પોતાનો ઉદાર હાથ લંબાવવા નમ્ર વિનંતિ છે.

૧. સ્વામિવાત્સલ્યની કાયમી તિથિ નોંધાવી આ પવિત્ર ભૂમિમાં આપનું નામ અમર કરો.
૨. દહેરાસરજી તથા લાઇબ્રેરીમાં કબાટની ખાસ આવશ્યકતા છે.
૩. સંસ્થાને માટે એક સ્વતંત્ર વ્યાયામશાળાની ખાસ આવશ્યકતા છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स

કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ.        ૨૦, પાયધુની, મુંબઈ નં. ૩.

## કેળવણી પ્રચારની યોજના

જૈન સમુદાયનો ઉત્કર્ષ થાય એવી કઇ પ્રવૃત્તિ હાથ ધરવી તે વિષે વિચાર કરવા માટે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની ઉત્તરોત્તર ત્રણ બેઠક મળી હતી. તે બેઠકો દરમ્યાન જુદા જુદા સભ્યોએ જુદા જુદા વિચારો રજૂ કર્યા હતા. લાંબી ચર્ચાના પરિણામે એમ નક્કી થયું હતું કે અત્યારની જૈન સમાજને સમગ્રપણે વિચાર કરતાં બે પ્રશ્નો સૌથી વધારે અગત્યના છેઃ (૧) **કેળવણીપ્રચાર** અને (૨) **બેકારી નિવારણ.** આ બેમાંથી કેળવણીપ્રચારની દિશાએ શી રીતે કાર્ય કરવું તેનો વિચાર કરતા એમ માલમ પડયું હતું કે અત્યારે સામાન્ય સ્થિતિના અનેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માત્ર આર્થિક અગવડતાના કારણે ભણતાં અટકી જાય છે અને આશા આપતી અનેક જીવન કળીઓ અકાળે કરમાઇ જાય છે.

આ સ્થિતિ અટકાવવામાં આવે અને આમ અટકી પડતા વિદ્યાર્થીઓને જોઇતી મદદ પૂરી પાડવામાં આવે તો તેઓમાંથી અનેકના જીવન ઉજ્જ્વળ અને સમાજના કલ્યાણવાહી બને. આપણી જૈન કોમની સાધારણ આર્થિક પરિસ્થિતિ વિચારતાં જો દરેક બાજુનો પૂરો સહકાર હોય તો આનું પરિણામ નીપજાવવું અશક્ય નથી. આમ લાગવાથી નીચેની બે વર્ષ માટેની યોજનાનો તાત્કાલિક અમલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ યોજના મુજબ પ્રાથમિક, મેટ્રિક સુધીની માધ્યમિક તેમજ કોઈ પણ પ્રકારની ઔદ્યોગિક કેળવણીના પ્રચાર અર્થે એક વર્ષના ૧૨૫૦૦) સાડાબાર હજાર તેમ કુલ બે વર્ષમાં ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦૦) પચ્ચીસ હજાર ખર્ચવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ યોજના વિદ્યાર્થીની ત્રણ પ્રકારની જરૂરીયાતને પહોંચી વળવાનો પ્રયત્ન કરશે.

(૧) પાઠ્ય પુસ્તકો. (૨) ફી. (૩) નાની સરખી શિષ્યવૃત્તિઓ.

આ ઉપરાંત જે કોઇ ગામડામાં પ્રાથમિક શાળા ન હોય અને બહુ ઓછા ખરચે પ્રાથમિક શાળા ઉઘાડી શકાય તેમ છે એમ આ યોજનાના સંચાલકોને લાગે ત્યાં પ્રાથમિક શાળાઓ ઉઘાડવાની પ્રવૃત્તિનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવે છે.

આ યોજના પાછળ હાલ તુરત ખર્ચવા ધારેલી રકમ મર્યાદિત હોઇને આ યોજનાનો હેતુ ગામડાંમાંની કેળવણીને પહેલાં પહોંચવાનો છે એટલે કે ગામડાં અને શહેરોની અરજીઓમાં પ્રથમ પસંદગી ગામડાંને આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ પણ ગામ, શહેર કે તાલુકે નીચે મુજબની ગોઠવણ કરવાથી આ યોજનાને ચાલુ કરી શકશે.

(ક) પ્રસ્તુત ગામ શહેર અથવા તો તાલુકાના પ્રતિષ્ઠાપાત્ર અને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ પ્રત્યે અભિરુચિ ધરાવનાર જૈન ગૃહસ્થોએ એક **કોન્ફરન્સ કેળવણી પ્રચાર સ્થાનિક સમિતિ** ઊભી કરવી.

(ખ) આ સમિતિના દરેક સભ્યે સુકૃત ભંડાર ફંડમાં વાર્ષિક લવાજમ રૂા. ૦–૪– ચાર આના ભરવાની કબૂલાત આપવી.

(ગ) આ સમિતિએ પોતાના પ્રદેશની કેળવણીને લગતી ઉપર જણાવેલી બધી જરૂરીયાતોને પહોંચી વળવા માટે વાર્ષિક કેટલી રકમની જરૂરીયાત છે તેનો અંદાજ કાઢવો અને આ અંદાજમાં પોતાના પ્રદેશમાંથી તેઓ કેટલી રકમ ઉઘરાવી શકે તેમ છે તે નક્કી કરવું.

(ઘ) આ પ્રમાણે જેટલી રકમ સ્થાનિક સમિતિ એકત્ર કરે તેટલી રકમ કોન્ફરન્સ તરફથી આપવી.

(ઙ) સ્થાનિક એકત્ર થયેલી રકમ અને તેટલી જ કોન્ફરન્સ તરફથી આપવામાં આવનારી રકમ બન્નેમાંથી જે કાંઈ મદદ વિદ્યાર્થીને આપવામાં આવે મદદ કોન્ફરન્સની સ્થાનિક કેળવણીપ્રચાર સમિતિ તરફથી આપવામાં આવે છે એવી સમજુતી સ્વીકારવી.

**સ્થાનિક** કેળવણીપ્રચાર સમિતિને જ્યારે પોતાની મર્યાદિત આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં પોતાના પ્રદેશની કેળવણીને લગતી બધી જરૂરીયાતોને પહોંચી વળાય એમ નથી એમ લાગે અને પસંદગી કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે નીચેના ધોરણે સ્થાનિક જરૂરીયાતોને પસંદગી આપવી.

(૧) પ્રાથમિક કેળવણીને સૌથી પહેલી પસંદગી આપવી.

(૨) કન્યા અને કુમારો વચ્ચે કન્યા કેળવણીને પહેલી પસંદગી આપવી.

(૩) હાઇસ્કુલ અને ઔદ્યોગિક કેળવણીને પહેલી પસંદગી આપવી.

ઉપર જણાવેલ સ્થાનિક કેળવણી પ્રચાર સમિતિ ઉપર **કેન્દ્રસ્થ કેળવણી પ્રચાર સમિતિ** જે હાલ તુરત કોન્ફરન્સની સ્થાયી સમિતિમાંથી ૯ સભ્યોની ઊભી કરવામાં આવી છે તેનું નિયંત્રણ રહેશે અને તેની સર્વ સૂચનાઓ મુજબ સ્થાનિક સમિતિએ કામ કરવું પડશે.

**સ્થાનિક** સમિતિએ દર ત્રણ માસે પોતાની પ્રવૃત્તિનું સામાન્ય નિવેદન કાચા હિસાબ સાથે મોકલવું પડશે અને વર્ષ આખરે પાકા હિસાબ સાથે વિગતવાર નિવેદન તથા ... વરસની જરૂરીયાતો વિગેરે બાબતો પૂરી પાડવી પડશે. **કેન્દ્રસ્થ સમિતિ** જે કોઈ ... ઉપર ખુલાસા માગે તે પૂરા પાડવા પડશે. **કેન્દ્રસ્થ સમિતિના** નીમેલા નિરીક્ષક જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રિગતો માંગે તે સર્વ વિગતો રજૂ કરવી પડશે. વળી જ્યારે પણ કોઈ પણ સ્થાનિક સમિતિના વહિવટમાં ગેરવ્યવસ્થા માલૂમ પડશે ત્યારે **કેન્દ્રસ્થ સમિતિ** તરફથી અપાતી મદદ બંધ કરવાની **કેન્દ્રસ્થ સમિતિને** સત્તા રહેશે.

**આ** ઉપરાંત ઉપર જણાવેલી કેળવણીના પ્રચારને અર્થે બીજી કાંઇ પણ યોજના કે પ્રવૃત્તિને હાથ ધરવાની તેમજ સ્થાનિક સમિતિઓ સાથેના સંબંધમાં જરૂર જણાયે અપવાદ દાખલ કરવાની **કેન્દ્રસ્થ સમિતિને** સત્તા રહેશે.

ઉપર જણાવેલ **કેન્દ્રસ્થ સમિતિને** આ યોજનાનો વહીવટી અમલ કરવાની અને તેના અંગે પેટા-નિયમો ઘડવા વિગેરેની તેમજ આ કાર્ય માટે ફંડ એકઠું કરવાની અને નાણાં પ્રકરણી વ્યવસ્થા કરવાની સત્તા રહેશે.

**આ કેન્દ્રસ્થ સમિતિએ** પોતાના કાર્યનો દર વર્ષે **કૉન્ફરન્સની સ્થાયી સમિતિ** સમક્ષ વિગતવાર રિપોર્ટ રજૂ કરવો પડશે.

**આ કેન્દ્રસ્થ સમિતિ કૉન્ફરન્સના** આગામી અધિવેશન સુધી કામ કરશે અને ત્યાર-બાદ નવી નીમાયેલી સ્થાયી સમિતિ તરફથી **કેન્દ્રસ્થ સમિતિની** ચુંટણી કરવામાં આવશે.

**આ** મુજબની બે વર્ષ માટેની યોજના જૈન સમાજ સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ યોજનાનો કેવો લાભ લેવાય છે અને આ યોજનાને જૈન શ્રીમંતો કેવો ટેકો આપે છે તે ઉપર આ યોજનાના વિશેષ વિસ્તારનો આધાર છે. આશા છે કે આ મતભેદ વિનાની શુદ્ધ કેળવણીપ્રચારની યોજનાને જૈન સમાજ સર્વ પ્રકારે વધાવી લેશે.

ઉપર્યુક્ત કેળવણી પ્રચારની યોજના અખિલ હિંદ જૈન શ્વે. **કૉન્ફરન્સની** તા. ૧૬-૫-૩૭ ના રોજ શ્રીયુત ડૉ. પુનશી હીરજી મૈશરી જે. પી.ના પ્રમુખપદે મળેલી કાર્યવાહી સમિતિની સભાએ સર્વાનુમતે સ્વીકારી છે અને તેનો અમલ કરવા નીચેના સભ્યોની **'કૉન્ફરન્સ કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ'** નીમવામાં આવી છે.

(૧) શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર. (૨) શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ. (૩) શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ, એડવોકેટ. (૪) શેઠ રમણિકલાલ ભોગીલાલ ઝવેરી, સોલિસિટર. (૫) શેઠ પરમાણંદ કુંવરજી કાપડીયા, બી. એ. એલ. એલ. બી. (૬) શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી. (૭) શેઠ સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી, સોલિસિટર. (૮) શેઠ માણેકલાલ અમુલખ ભટેવરા, બી. એ. (૯) શેઠ પદમશી ઠાકરશી ઓના, બી. એ. એલએલ. બી.

**આ** યોજના અંગે સર્વ પત્રવ્યવહાર **શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, કેળવણી પ્રચાર કેન્દ્રસ્થ સમિતિ, ૨૦, પાયધુની મુંબઇ** નં. ૩ ના શિરનામે કરવો.

લી૦ સેવકો,
**મોતીચંદ ગિરધરલાલ કાપડીયા**
**કાંતિલાલ ઈશ્વરલાલ**
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

M. P. P., BYC.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી સમવાયાંગ સૂત્ર ( ચતુર્થ અંગ )

મૂળ, મૂળનો અર્થ, ટીકાનો અર્થ–એ રીતે પ્રથમ શ્રી ઉત્તરાધ્યયન, જ્ઞાતાધર્મકથા વિગેરે સૂત્રો અમે બહાર પાડ્યા છે તે જ રીતે બહાર પાડવા માટે તૈયાર કરવામાં આવે છે. થોડા વખતના છપાવવાનું કામ શરૂ થવા સાથે જેમ બને તેમ વેળાસર બહાર પાડવાની ઇચ્છા છે. આ સૂત્ર બીજા પ્રથમના ત્રણ અંગોના પ્રમાણમાં કાંઇક સહેલું છે. દ્રવ્યાનુયોગ વિગેરેના અભ્યાસીને તેમજ ઇચ્છકને બહુ ઉપયોગી થાય તેમ છે. તે પ્રથમના સૂત્રો પ્રમાણે જ પ્રતાકારે તેવા જ કાગળ ને ટાઇપમાં છપાવવાનું છે. કોઇ ગૃહસ્થને સહાય આપવા ઇચ્છા હશે તો તે સ્વીકારવામાં આવશે તેમજ તેમની ઇચ્છાનુસાર ફોટો વિગેરે આપવામાં આવશે. ઇચ્છા થાય તેમણે અમને લખવું. પ્રથમ ગ્રાહક થવા ઇચ્છનાર માટે રૂા ૧ાા પાછળથી રૂા ૨) અથવા તેથી વધારે ફારમોના પ્રમાણમાં રાખવામાં આવશે. આવા અપૂર્વ સૂત્રોનો સામાન્ય કિંમતે લાભ મળે તે ઘેર બેઠાં ગંગા મળ્યા બરાબર છે. ગણધર મહારાજાની વાણીનો આ પ્રત્યક્ષ નમૂનો છે.

---

## ખાસ ખરીદવા લાયક પુસ્તકો.

| | |
|---|---|
| ૧ શ્રી ધર્મરત્ન પ્રકરણ ભાગ પહેલો ને બીજો. દરેકના | ૨–૦–૦ |
| ૨ શ્રી હરિવિક્રમ ચરિત્ર પદ્યબંધ સંસ્કૃત. | ૨–૦–૦ |
| ૩ શ્રી પાંડવચરિત્ર ( મલ્લધારી દેવપ્રભસૂરિકૃત ) ભાગ ૧–૨ દરેકના | ૪–૦–૦ |
| ૪ શ્રી ઉપાસગદશાંગ સૂત્ર મૂળ, મૂળનો અર્થ ને ટીકાનો અર્થ | ૨–૦–૦ |
| ૫ શ્રી શાંતસુધારસ ભાષાંતર. વિવેચન યુક્ત. ભાગ ૧ લો ( લે. મૌક્તિક ) | ૧–૦–૦ |
| ૬ શ્રી ચોસઠપ્રકારી પૂજા અર્થ વિવેચન કથાઓયુક્ત | ૧–૦–૦ |
| ૭ શ્રી જ્ઞાતાધર્મકથાસૂત્ર મૂળ. મૂળ ને ટીકાનો અર્થ. ભાગ ૧–૨ દરેકના | ૪–૦–૦ |
| ૮ શ્રી અંતગડદશાંગ તથા અનુત્તરોવવાઇ સૂત્ર મૂળ–અર્થયુક્ત | ૧–૮–૦ |
| ૯ શ્રી નિરયાવલી સૂત્ર ( પાંચ ઉપાંગ ) મૂળ અર્થ વિગેરે યુક્ત | ૧–૮–૦ |
| ૧૦ શ્રી તપગચ્છશ્રમણવંશવૃક્ષ. અનેક હકીકતોથી ભરપૂર | ૧–૦–૦ |
| ૧૧ શ્રી બૃહત્સંગ્રહણી પ્રકરણ. મૂળ–અર્થ–વિવેચનયુક્ત | ૧–૦–૦ |
| ૧૨ શ્રી હેમચંદ્રાચાર્યચરિત્ર ( લેખક–મૌક્તિક ) | ૦-૧૨-૦ |
| ૧૩ શ્રી વર્ધમાનદેશના. પ્રાકૃત. સંસ્કૃત છાયા સાથે. ભાગ ૧ લો. રૂા. ૩) ભાગ ૨ જો રૂા. ૨) | |
| ૧૪ સુભાષિતપદ્યરત્નાકર. અર્થસહિત ભાગ ૧–૨ દરેકનો | ૧–૪–૦ |

---

## તૈયાર થાય છે.

૧ જૈન ગણિત વિચાર. ( અત્યારસુધીમાં નહીં છપાયેલ )
૨ પંચસંયત પ્રકરણ. ( ગુજરાતી ભાષામાં પ્રશ્નોત્તરરૂપે )
૩ શ્રી આત્મપ્રબોધ ગ્રંથ. સંસ્કૃત ગદ્યબંધ ( પ્રતાકારે )
૪ શ્રી ચંદ્ર કેવળી ચરિત્ર સંસ્કૃત પદ્યબંધ ( ,, )

For Private And Personal Use Only

Reg. No. B. 156

# નીચે જણાવેલા તમામ પુસ્તકો શ્રી જૈનધર્મ પ્રસારક સભામાંથી મળી શકશે.

૧ શ્રીદશવૈકાલિક સૂત્ર (શ્રીજિનદાસગણિકૃત ચૂર્ણિ, શ્રીભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિયુક્ત) ૪-૦-૦
૨ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (શ્રી જિનદાસગણિકૃત ચૂર્ણિયુક્ત) ૪-૦-૦
૩ શ્રી લલિતવિસ્તરા (શ્રી હરિભદ્રસૂરિકૃત) સટિપ્પન ૦-૧૦-૦
૪ તત્ત્વતરંગિણી (ઉ. ધર્મસાગરજીકૃત) તિથિનિર્ણય ૦-૮-૦
૫ બૃહદ્ સિદ્ધપ્રભા વ્યાકરણ ૨-૮-૦
૬ મધ્યમ સિદ્ધપ્રભા વ્યાકરણ ૦-૧૨-૦
૭ શ્રી આચારાંગસૂત્ર વૃત્તિઃ (શીલાંકાચાર્યકૃત) [ભાગ ૧ લો., બીજો. સંપૂર્ણ] ૭-૦-૦
૮ શ્રી ભગવતીસૂત્ર (શ્રી દાનશેખરસૂરિકૃત ટીકાયુક્ત) ૫-૦-૦
૯ પુષ્પમાળા (ઉપદેશમાળા) મલધારી શ્રી હેમચંદ્રસૂરિપ્રણીત સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત ૬-૦-૦
૧૦ શ્રી તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય (હારિભદ્રી ટીકાયુક્ત) ૬-૦-
૧૧ પર્યુષણા દશશતક સટીક (ઉ. ધર્મસાગરગણિવિરચિત) ૦-૧૦-૦
૧૨ બુદ્ધિસાગર (સોની સંગ્રામસિંહવિરચિત) ૦-૩-
૧૩ શ્રી વિશેષાવશ્યક સૂત્ર ભાગ ૧ લો. (કોટ્યાચાર્યકૃત ટીકાયુક્ત) ૫-૮-
૧૪ ,, ભાગ ૨ જો. ,, ૫-૮-
૧૫ ભવભાવના વૃત્તિઃ ભાગ ૧ લો. (મલધારી શ્રીહેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) ૩-૮-
૧૬ ,, ભાગ ૨ જો. ,, ૩-૮-
૧૭ કલ્પકૌમુદી-કલ્પસૂત્ર ટીકા (ઉ. શાંતિસાગરવિરચિત) ૨-૦-
૧૮ ષોડશક પ્રકરણ (હરિભદ્રસૂરિવિરચિત-યશોભદ્રસૂરિ પ્રણીત વૃત્તિયુક્ત) ૧-૦-
૧૯ ષડાવશ્યક સૂત્રાણિ (નવીન સાધુયોગ્ય) ૦-૮-
૨૦ ઉત્પાદાદિ સિદ્ધિઃ (શ્રી ચંદ્રસેનસૂરિપ્રણીત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) ૨-૮-
૨૧ શ્રી વર્ધમાન દેશના. સંસ્કૃત ગદ્યબદ્ધ (રાજકીર્તિગણિ વિરચિત) ૨-૮-
૨૨ શ્રી નંદિસૂત્ર ચૂર્ણિ (હારિભદ્રી વૃત્તિયુક્ત) ૧-૧૨-
૨૩ શ્રી અનુયોગદ્વાર ચૂર્ણિ ,, ૨-૦-
૨૪ ધર્મોપદેશ કર્ણિકા. (સંસ્કૃત ગદ્યબંધ કથાઓનો સંગ્રહ) ૦-૧૦-
૨૫ શ્રી ભગવતી સૂત્ર. ભાષાંતરયુક્ત ભાગ ૧ લો. શતક ૩ (પંડિત હીરાલાલ હંસરાજ) ૨-૮-
૨૬ શ્રી જ્યોતિષ કરંડક પ્રકીર્ણક સટીક (મલયગિરિજીકૃત ટીકાયુક્ત) ૩-૦-
૨૭ પંચવસ્તુક ગ્રંથ (શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત) ૩-૦-
૨૮ વિચારરત્નાકર (ઉ. કીર્તિવિજયજીકૃત) ૩-૦-
૨૯ પ્રવચનસારોદ્ધાર-ભાગ ૨ જો. (શ્રી સિદ્ધસેનસૂરિકૃત ટીકાયુક્ત) ૪-૦-
૩૦ શ્રી પુંડરીક ચરિત્ર સંસ્કૃત પદ્યબંધ (શ્રીકમળપ્રભાચાર્ય વિરચિત) ૫-૦-
૩૧ શ્રી ધન્ય-શાલિભદ્ર ચરિત્ર. (શ્રી પૂર્ણભદ્રગણિકૃત) ૧-૮-
૩૨ શ્રી વિપાકસૂત્ર (શ્રી અભયદેવસૂરિકૃત ટીકાયુક્ત) ૧-૦-

છાપનાર-શાહ ગુલાબચંદ લલ્લુભાઇ. શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર.